

“ભેદની ભીંત્યુંને આજ મારે ભાંગવી”

















મનુભાઈ પંચોળી ‘દર્શક’

VISIT…

LANZAROTE

Caliente.COM

ભેદની ભીંત્યુને આજ મારે ભાંગવી

મનુભાઈ પંચોળી ‘દર્શક’

સંપાદક : મહેન્દ્ર મેઘાણી

લોકમિલાપ ટ્રસ્ટ

આવૃત્તિ 1 : 1972

પુનર્મુદ્રણ : 1973

સંક્ષિપ્ત આવૃત્તિ : 1996

ભેદની ભીંત્યુને આજ મારે ભાંગવી

રૂ. 4

10 નકલના રૂ. 35

100 નકલના રૂ. 300 [10 કે વધુ નકલ માટે રજિસ્ટર ટપાલ–રવાનગી સાથે]

પ્રકાશક : ગોપાલ મેઘાણી

લોકમિલાપ ટ્રસ્ટ, પો.બો. 23 (સરદારનગર), ભાવનગર 364001

ફોન : (0278) 426402

મુદ્રક : અપૂર્વ આશર, અમદાવાદ

ઇમેજ સિસ્ટમ્સ, અમદાવાદ 380009

ફોન : 400 688

અનુક્રમણિકા

પ્રિય ભાઈદાસભાઈને

અંજલિ

સ્વ. મેઘાણીભાઈની 75મી જન્મ–જંયતી પ્રસંગે લોકોએ આપમેળે તેમના લોકસાહિત્ય અને ગાનમાં જે ઉત્સાહ પ્રગટ કર્યો, તેણે જ તેમનું લોકહૃદયમાં હજુયે અપૂર્વ સ્થાન છે તે સાબિત કર્યું.

કવિની એ જ કમાણી છે.

મારી પેઢી તેમની ખૂબ ઋણી છે. સૌરાષ્ટ્રમાં તેમના 'સિંધુડો'ના સૂરો વિના એવી ચેતનાનો જુવાળ ભાગ્યે જ આવત.

અહીં 'એવી' શબ્દ અગત્યનો છે. 'એવી' એટલે શું તે વાગોળવાની અહીં મેં ઋણભાવે કોશિશ કરી છે. હું કહી શકું કે એમાં અતિશયોક્તિ નથી; સ્નેહ, આદર, ઋણસ્વીકાર છે.

લોકભારતી પરિવાર સમક્ષ અપાયેલ આ વ્યાખ્યાનો પુસ્તિકાકારે હવે લભ્ય બને છે તેથી આનંદ પામું છું. સૌ તેની ઉપયોગિતા સ્વીકારશે.

મનુભાઈ પંચોળી 'દર્શક'

સંપાદકની નોંધ

પંચોતેરમી મેઘાણી જયંતી નિમિત્તે 1972માં શ્રી મનુભાઈ પંચોળીએ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ (સણોસરા)માં આપેલાં ત્રણ વ્યાખ્યાનો કુલ છએક કલાક ચાલેલાં, ને તેને 'ટેઇપ' પર ઉતારી લેવામાં આવેલાં. એ ટેઇપ પરથી તેને લેખિત સ્વરૂપે તૈયાર કરીને તેની પુસ્તિકા ત્યારે લોકમિલાપ તરફથી પ્રગટ કરવામાં આવેલી. થોડું સંપાદિત કરેલું તેનું આ સંક્ષિપ્ત સ્વરૂપ 1996–97માં આવી રહેલી મેઘાણી શતાબ્દી માટે વાતાવરણ રચવામાં ઉપયોગી નીવડશે એવી આશા છે.

કશાં લખાણ કે નોંધની સહાય વિના જ આપવામાં આવેલાં આટલાં લાંબાં વ્યાખ્યાનોએ તેના શ્રોતાઓને કેવા અમીરસથી તરબોળ કરી મૂક્યા હશે, તેનો અનુભવ પુસ્તિકાના વાચકોને પણ ઘણે અંશે થયો હશે. એમ જ લાગે કે તે પ્રસંગે વ્યાખ્યાતાની જીભે સરસ્વતી આવીને બેઠી હશે.

આ વ્યાખ્યાનો વાંચીને "હું આફરીન થઈ ગયો", એવું કહેનાર સ્વામી આનંદની લાગણીનો પડઘો પછી હજારો વાચકોનાં હૈયાંમાંથી ઊઠ્યો હશે. સ્વામીજીએ વિશેષમાં જે કહેલું તેની પણ અનેક અભ્યાસીઓ શાખ પૂરશે : "ગાંધીજીએ મેઘાણીને રાષ્ટ્રશાયર કહ્યા તે કેટલું સાર્થક છે, એ આ વ્યાખ્યાનો દ્વારા શ્રી મનુભાઈ પંચોળીએ સમજાવ્યું, તેવી ગુજરાતમાં મેઘાણીની કોઈએ રજૂઆત કરી નથી."

શ્રી મનુભાઈ પંચોળી આ વ્યાખ્યાનોમાં કહે છે તેમ, "સાહિત્યકારનું ઉત્તમમાં ઉત્તમ તર્પણ તેની છબીઓ પ્રગટ કરવામાં નથી, કે તેના નામના માર્ગો ખુલ્લા મૂકવામાં નથી, પણ તેનાં સર્જનોને સમજવામાં જ તેનું બહુમાન થાય છે." 1996ની તા. 17 ઓગસ્ટથી ઝવેરચંદ મેઘાણીની 100મી જન્મજયંતીનું વરસ શરૂ થશે, તે નિમિત્તે મેઘાણીના સર્જનને સમજવામાં હજારો વાચકોને, ખાસ કરીને નવી પેઢીને, આ હીરાકણી શી નાની પુસ્તિકા જેટલું મૂલ્યવાન બીજું કશું ભાગ્યે જ મળશે.

શ્રી મનુભાઈ કહે છે કે, મહાત્મા ગાંધીએ ભણેલા લોકોને લોકાભિમુખ થવાને પ્રેર્યા, અને મેઘાણીએ કર્યું એ કે લોકો શું છે તેને સજીવ કરી બતાવ્યું. મેઘાણીએ લોકની એક વૈવિધ્યભરી, રંગરૂપભરી સૃષ્ટિ આપણી પાસે ખડી કરી દીધી, અને તેના પ્રત્યે રુચિ–મોહિની પેદા કરી. ડોસાંડગરાં, ગામઠી વાણી બોલવાવાળાં, થીગડાં દીધેલાં મેલાં કપડાં પહેરવાવાળાં — ગમે તેવાં હોય, પણ તેના પ્રત્યે એક પ્રકારનો અહોભાવ પેદા કર્યો. મેઘાણીની મોટામાં મોટી સેવા આ હતી.

આવી સેવાની જરૂર આપણી પ્રજાને છ–સાત દાયકા પહેલાં હતી, તેવી હજી આજે પણ છે. મેઘાણીના અક્ષરદેહ પાસેથી હવે તે આપણને મળી રહો.

પ્રજાસત્તાક દિન : 1996 મહેન્દ્ર મેઘાણી

પ્રકરણ 1

ચોટીલામાં ચામુંડાનો સુંદર મજાનો ડુંગર છે. ડુંગરના પેટાળમાં એક મોટી સભા ભરાઈ હતી; પાંચેક હજાર માણસો આવ્યાં હશે. ચોટીલામાં આવડો મોટો સમુદાય કોઈ દિવસ એકઠો નહીં થયો હોય. પણ મેઘાણીનું એ જન્મસ્થળ, અને મેઘાણીને પોતાની અંજલિ આપવા બધા એકઠા થવાના, એવું સાંભળીને હજારો લોકો આવેલા. કંઈક કંઈક લોકો હતા. સાહિત્ય પરિશદના પ્રમુખ ઝીણાભાઈ દેસાઈ હતા. રતુભાઈ અદાણી, પોતાના વડીલનું જાણે ઊજવણું કરવાનું હોય તેમ, ઉત્સાહભેર બધે ઘૂમતા હતા. પોતાના જ કુટુંબમાં કોઈ મુરબ્બીની ગુણગાથા ગાવાની હોય, અને તેમાં હું રહી જાઉં તો કેટલી મોટી ખોટ જાય — તેવા સહુના ભાવ હતા.

મેઘાણીભાઈની જયંતી અંગે જ્યાં જ્યાં જવાનું થાય છે ત્યાં લોકોની બહુ મોટી મેદની જામેલી હોય છે. પણ ત્યાં જે બોલાય છે તે બધા સમજે છે તેવું કાંઈ નથી. કારણ કે ટૂંકાં ભાષણો કરવાની તો આપણને ટેવ જ નથી, અને સમજાય તેવું ભાષણ કરવાની ટેવ લગભગ નથી. મારો વારો તો આવ્યો લગભગ બે કલાક પસાર થયા પછી. ત્યારે મેં લોકોને ધન્યવાદ આપ્યા : "તમે અમને સહન કરી લો છો એને માટે તમારો પાડ માનવો જોઈએ. પણ તમે સહન કર્યું તેની પાછળનું એક કારણ એ છે કે તમને એમ છે કે, મેઘાણી અમારો માણસ હતો, અમારા માણસનું કાંઈક સારું સારું બોલાય છે; પછી અમે સમજીએ કે ના સમજીએ."

અજ્ઞજનોમાં એક ગુણ હોય છે, એક કદર હોય છે. એ લોકો કાંઈ શબ્દને નથી વળગતા, ભાવને વળગે છે કે, ભાઈ, આ લોકો મેઘાણીનું કાંઈક સારું સારું કહેવા આવ્યા છે પછી બસ, આપણને વચમાં કાંઈ ન સમજાય તો પણ વાંધો નહીં. જેમ આપણે મૂર્તિની આરતી ઉતારતા હોઈએ ને બ્રાહ્મણ સંસ્કૃતમાં બોલતા હોય, એ કાંઈ આપણે સમજતા થોડું હોઈએ? પણ આરતી ઉતારીએ ત્યારે આપણા મનમાં હોય છે કે, બહુ સારું! બહુ સારું ! ભગવાનના ગુણ ગાય છે. બસ, આટલા ઉપરથી પૂજામાં આપણી સ્થિરતા આવે છે.

મેં એ લોકોને કહ્યું, "મેઘાણી તમારો માણસ છે તેમ માનીને તમે બે–ત્રણ કલાકથી બેઠા છો, પણ તમે બેઠા તમે અમેય પાછા બેઠા છીએ — જે તમારા જેવા નથી. અમે તો વિદ્વાનો મનાઈએ છીએ. અને છતાં અમે પણ ત્રણ કલાકથી બેઠા છીએ; તો અમારી ધીરજનું શું કારણ છે? એનું કારણ એ છે કે મેઘાણીએ તમને તમારો પરિચય કરાવ્યો, અને અમનેય તમારો પરિચય કરાવ્યો. તમને પણ ખબર નહોતી કે તમે કોણ છો, અને અમને પણ ખબર નહોતી કે તમે કોણ છો. આ મોટું સેતુબંધનું કામ કર્યું. એક મોટો દરિયો હતો તમારી અને અમારી વચ્ચે, તે દરિયા પર તેમણે પાજ બાધી દીધી. એટલા માટે અમે પણ મેઘાણીમય થઈ ગયા છીએ, તમે પણ મેઘાણીમય થઈ ગયા છો."

મહાત્મા ગાંધી બહુ તોળી તોળીને શબ્દો વાપરતા. એમનો તો એવો દાવો હતો કે, "એક શબ્દ પણ મારા મોંમાંથી અજાગૃતપણે નીકળશે નહીં!" તેમણે

મેઘાણીને “રાષ્ટ્રીય શાયર” કહ્યા. તો તેનો અર્થ શો? શું રાષ્ટ્રનાં રણશીંગાં ફૂંકે તેનું નામ રાષ્ટ્રીય શાયર? રાષ્ટ્રનાં ગીતો બરાબર ચગાવે એનું નામ રાષ્ટ્રીય શાયર?

ગુજરાતમાં કાંઈ રાષ્ટ્રનાં ગીતો ગાનારા કવિઓ હતા નહીં, અને મેઘાણીએ ‘સિંધુડો’વગેરે રાષ્ટ્રીય ગીતો ગાયાં, માટે તેને રાષ્ટ્રીય શાયર કહ્યા, તેવું ગાંધીજીના મનમાં ન હોય. ગાંધીજીના મનમાં રાષ્ટ્રીય શાયરનો અર્થ એ હશે કે, રાષ્ટ્રના જે બે વિભાગો પડી ગયા છે, ભણેલા ને અભણ, એ બેને જે સાંકળી શકે તે રાષ્ટ્રીય શાયર. એ બે વચ્ચેની, જો મેઘાણીની ભાષામાં કહીએ તો—

ભેદની ભીંત્યુંને આજ મારે ભાંગવી,
મનડાની આખરી ઉમેદ...

આ જે એની ઉમેદ હતી તે ગાંધી પારખી ગયેલા. આ બેની વચ્ચે જે દીવાલ ઊભી છે — ભણેલા ને અભણની વચ્ચે — તે દીવાલ તૂટે નહીં, ત્યાં સુધી રાષ્ટ્ર એક થઈ શકે નહીં.

જૂના જમાનામાં આગેવાનો નહોતા એમ નહીં. જૂના સમયમાં ઓછુંવત્તું ભણેલો એક વર્ગ આગેવાની કરતો હતો. પણ તે વખતે લોકો ને એની વચ્ચે આટલું બધું અંતર નહોતું. જમાનો જ એવો હતો કે આગલા ને પાછલાની વચ્ચે થોડો ભેદ હોય, પણ વિરોધ ન હોય. ગામડાંમાં દરબારો હોય અને રૈયત હોય : તેની વચ્ચે વર્ગ-ભેદ હોઈ શકે, પણ વર્ગ-વિચ્છેદ નહોતો. એનું કારણ એ હતું કે વેપાર માટેનું ઉત્પાદન ત્યાં હતું નહીં. ત્યાં હોય શું? સાધારણ માણસને ત્યાં એકાદ ગાય કે ભેંશ હોય, અને દરબારને ત્યાં પાંચ-દસ ભેંશો હોય; બીજો ફેર ઝાઝો ન હોય. થોડા મહેલોને તમે જતા કરો, તો આગેવાનો અને જનતાની વચ્ચે રહેણીકરણીમાં મોટા તફાવતો ન હતા.

પછી અંગ્રેજોને પ્રતાપે અહીં આપણે ત્યાં એવો એક મધ્યમ વર્ગ પેદા થયો કે જેને પોતાની જનમ-ભોમકા તરફ લાજ આવવા માંડી. તેના પ્રત્યે એક તુચ્છભાવ આવવા માંડ્યો. તેનું જેટલું સારું તેટલું બધું આ લોકોને ખરાબ લાગે, તેવી સ્થિતિ પેદા થઈ. કપડાં, બોલવાની રીતભાત, જીવનના ખ્યાલો એ બધાંમાં એક વિચ્છેદ ઊભો થયો. જેટલું તળભૂમિનું, તળપદું, અસલ, તેના તરફ એક પ્રકારનો તુચ્છભાવ ભણેલા વર્ગમાં પેદા થયો.

દક્ષિણ આફ્રિકામાં મોટો વિજય કરીને મહાત્મા ગાંધી જ્યારે આવ્યા, ત્યારે તેમને સન્માનવા બધાએ સભા ભરી. તે વખતે પારસી લોકો સારો ભાગ લેતા. કેટલીક બહેનો પણ સભામાં ગયેલી. ત્યાં ગાંધીજી તો માથે પાઘડી, કાઠિયાવાડી અંગરખો, ખેસ અને જોડા પહેરીને ગયા. આ જોઈ પેલી બહેનો હસવા માંડી; કહે, આ ક્યાંથી હોય “કર્મવીર ગાંધી”! આ તો કોઈ દુકાનના વાણોતર જેવો લાગે છે. એટલે બધાં અંદર અંદર હસ્યાં. એમાં વળી ગાંધીજી અંગ્રેજી છોડીને ગુજરાતીમાં બોલવા લાગ્યા, એટલે તો આ બધાંને હદ થઈ ગઈ લાગી. જે માણસે દક્ષિણ આફ્રિકાના સત્તાધારી જનરલ સ્મટ્સને નમાવ્યા હતા, જેના પગની રજ થવાની લાયકાત પણ આપણામાં હતી નહિ — હિંમતમાં, સત્યમાં, વ્યવહારુતામાં ક્યાંય હતી નહિ — તેને વિશે,

માત્ર એનો પોશાક દેશી છે કે એ ગુજરાતીમાં બોલે છે એટલા જ માટે, આ ભણેલા લોકોને એમ થઈ ગયું કે, આનાથી શું વળવાનું હતું! આ આપણા દેશની દશા હતી.

પછી તો મહાત્મા ગાંધીએ વિચારોનું બહુ મોટું પરિવર્તન કરી નાખ્યું. અને એ યુગમાં જીવનારાઓ ધીમે ધીમે લોકો તરફ, લોકોની સેવા તરફ વળતા થયા. પણ લોકોની સેવા તરફ જેઓ વળતા જતા હતા, તેમને પણ લોકોને ચાહતા કરવા એ જરૂરી વાત હતી. મેઘાણીએ મહાત્મા ગાંધીનું કામ કર્યું હોય તો તે આ. મહાત્મા ગાંધીએ ભણેલાઓને લોકાભિમુખ થવાને પ્રેર્યા. અને મેઘાણીએ કર્યું એ કે લોકો શું છે તે સજીવ કરી બતાવ્યું. એમણે બીજાને માટે જે ગાયું છે, તે એમને પોતાને પણ લાગુ પડે છે —

શી રીતે જાગિયો આ અજગર સરખો સુપ્ત તોતિંગ દેશ?
કોની ફૂંકે રુઝાયા દિલદિલ ભરિયા ક્લેશ ધિક્કાર–દ્વેશ?
કોણે આ ભસ્મપુંજે નવીન જીવનની ચેતના–છાંટ છાંટી?
મુર્દામાં પ્રાણ ફૂંક્યા? — મુલકમુલકની વિસ્મયે આંખ ફાટી!

કવિ દેશને "અજગર સરખો" કહે છે. અજગર જેવો મોટો એટલું જ નહિ. અજગર એટલે આળસુ, એમ આપણે પણ આળસુ. આપણી એકબીજાને ન ઓળખવાની આળસ હતી, તે આળસ મેઘાણીએ ખંખેરી નાખી. આવડા મોટા સમાજમાં, રાખમાં અમૃત છાંટે અને મડાં બેઠાં થઈ જાય તેમ, રાખમાંથી માણસ પેદા થાય તેવી સ્થિતિ તેમણે પેદા કરી. ભણેલા જુવાનિયાઓ પાળિયા ને દેરીઓ તરફ, જંગલ–પહાડ ને પોતાનાં ગામ તરફ, ડોશી ને ચારણ તરફ આદરથી જોવા લાગ્યા. મેઘાણીની મોટામાં મોટી સેવા આ હતી. કારણ કે તમે જેની સાથે એકતા કરવા માગતા હો તેની સાથે પરિચય થવો જોઈએ. અને પરિચય તેને ચાહો તેવો થવો જોઈએ. પરિચય બે જાતના થાય છે : ન ગમે તેવો પણ પરિચય થાય, અને ગમે તેવો પણ થાય. મેઘાણીએ લોકની એક વૈવિધ્યભરી, રંગરૂપભરી સૃષ્ટિ આપણી પાસે ખડી કરી દીધી, અને તેના પ્રત્યે રુચિ–મોહિની પેદા કરી. મેઘાણીને વાંચ્યા પછી કોઈ માણસ સામાન્ય જનનો તિરસ્કાર કરી શકશે નહીં. ડોસાંડગરાં, ગામઠી વાણી બોલવાવાળાં, થીગડાં દીધેલાં મેલાં કપડાં પહેરવાવાળાં — ગમે તેવા હોય, પણ તેના પ્રત્યે એક પ્રકારનો અહોભાવ એમણે પેદા કર્યો.

આ લોક એટલે શું? મેઘાણીના સાહિત્યમાં લોકનો અર્થ માત્ર હાથપગની મજૂરી કરવાવાળા જ નથી. અત્યારે 'પીપલ'શબ્દનો જે એક અર્થ કરવાનું રાજકારણમાં ચાલ્યું છે — લોક એટલે હાથપગ ભાડે આપી બીજાનું કામ કરે તેવો મજૂર, એ સિવાયના કોઈ લોક જ નહીં, આ કલ્પના મેઘાણીના લોકસાહિત્યમાં નથી. તેમણે જ્યારે લોકની વાત કરી છે ત્યારે તેમાં ખેડૂતો આવે છે, રાજાઓ પણ આવે છે; ઠાકોરો આવે છે, વાણિયા પણ આવે છે. કોણ એની અંદર નથી આવતું! તેમાં બહારવટિયા પણ આવે છે : સમાજના કાનૂનોનો ભંગ કરી સમાજને વેરવિખેર કરવાને માટે જે નીકળી પડ્યા છે, જેનો હેતુ ધ્વંસનો છે, તેનો પણ એ લોકમાં સમાવેશ કરી નાખે છે. સાધુસંતો આવે જ છે. ખારવા, હજામ, હરિજન આવે છે. આ બધાંને એ લોક કહે છે. એમાં કોણ નથી આવતું? એક જ વર્ગ નથી આવતો, જેને આપણે પંડિત

કહીએ છીએ. પંડિત સિવાયના સહુ લોકોનો આમાં સમાવેશ થાય છે. મુસલમાનો આવે છે, હિંદુઓ આવે છે; મકરાણી બલોચ, વાઘેર આવે છે. આ બધા જુદા જુદા જુદા ધર્મના લોકો આવે છે.

મેઘાણીના સાહિત્યની અંદર ચાર વાર્તાઓ તો હરિજનોની છે.

ખાંભાની એક આહીરાણી. દુકાળ પડ્યો એટલે મિતિયાળા ગામે પોતાના ભાઈની પાસે ગઈ, કાંઈક ટેકો લેવા માટે. ગઈ, ત્યાં ભાઈ આઘેથી જોઈ ગયો કે બહેન આવે છે, એટલે પાછલે બારણેથી નીકળી ગયો. બહેને જઈને પૂછયું કે, “ભાભી, મારા ભાઈ ક્યાં?” તો કહે, “તમારા ભાઈ તો કાલ્યુંના ગામ ગયા છે!”

બહેને જોયું કે, મને કાંઈક આપવું પડે એ બીકે ભાઈ ભાગી ગયો છે. એ તો રોતી રોતી પાછી જાય છે. ત્યાં ગામને પરવાડે જોગડો ઢેઢ રહે. નાનું એવું ગામ, સૌ એકબીજાને ઓળખે. બાઈને રોતી જોઈને જોગડો કહે, “કાં બાપ, આમ રોતી રોતી કાં જા?”

“જોગડા ભાઈ! મારે માથે દુ:ખના ડુંગરા થયા છે. મારો માનો જણ્યો ભાઈ મને દેખીને મોઢું સંતાડે છે, ઈ વાતનું મને રોવું આવે છે.” અને બધી વાત કરી.

“અરે ગાંડી! એમાં શું રોવા બેઠી? હુંય તારો ભાઈ છું ના? ઊઠ, હાલ્ય મારી સાથે.”

એક ગાડી જુવાર ભરી દીધી અને છોકરાને કહે, “બેટા, ફૂઈને ખાંભે મૂકી આવ, અને આ દાણા ફૂઈને ઘેર ઉતારી મેલજે.”

છાંટ નાખીને એ જુવાર આપી હશે? છાંટ લઈને લીધી હશે? કાંઈ ખબર નથી. પણ લોકોએ નોંધ્યું કે એક હરિજને આહીરાણીને કહ્યું કે, “હું તારો ભાઈ !” અને એને લેવામાં સંકોચ ન થયો.

થોડા દહાડા પછી એ મિતિયાળા ગામ ઉપર કાઠીઓનું કટક આવ્યું, તેની સામે લડતાં લડતાં આ જોગડો મરાણો. કોઈએ ત્યાં ખાંભામાં બાઈને સંદેશો આપ્યો : “જોગડો મરાયો!” બાઈ ઊંચે ચડીને ઘરની ગાર કરતી હતી, ત્યાંથી એણે પડતું મૂક્યું — અને શું મરશિયા ગાયા એણે!

વણકર અને વણાર, નાતે પણ નેડો નહિ...

તું હરિજન ને હું આયરાણી નાતજાતનો કોઈ સંબંધ નહિ —

(પણ) ગણને રોઉં, ગજમાર!...

પણ હે “ગજમાર” કહેતાં હાથીને મારવાવાળા! ધીંગાણામાં જેણે કંઈક કાઠીઓને મારી નાખ્યા, એવો શૂરવીર તું મારો ભાઈ.

તારી જાત ન પૂછું, જોગડા!

સમાજમાં જ્યારે આ રચાયું ત્યારે મહાત્મા ગાંધીનો હજી જન્મ નહોતો થયો.

**

સુદામડા ગામમાં કાનિયો ઝાંપડો રહે. સુદામડા ઉપર કટક આવ્યું. શાદૂળ ખુમાણ તેના દરબાર. બધા લોકો લડવા ગયા. મિયાણાને તો ભગાડ્યા. પણ ગઢ પછવાડે એક ગરનાળું હતું પાણી જવાનું, તેમાંથી મિયાણા પાછા ઘૂસતા હતા. એ વખતે દરબાર ત્યાં નીકળ્યા. એક મિયાણાએ દરબારને મારીને પાડી દીધા. એ પાડી દીધા, ત્યાં કાનિયો ઝાંપડો નીકળ્યો. દરબારની તલવાર લઈ લીધી, એ ખેંચીને મિયાણાને પડકાર્યા. મિયાણા ડોકું કાઢીને ગઢની અંદર આવવા જાય, કે ધડ દઈને આનો એક ઘા પડે. મિયાણાનું ડોકું ને આની તલવાર! કંઈક મિયાણા ત્યાં ને ત્યાં ખતમ થઈ ગયા. કાનિયો પણ ઘાયલ થયો, વેતરાઈને મરી ગયો. પછી શાદૂળ ખુમાણ ભાનમાં આવ્યા. બીજે દિવસે ચોરામાં ડાયરો ભરાયો અને એક ગઢવી ગીત ગાવા માંડયો. દરબારની બહાદુરીનાં ગીત એ ગાય; પણ સાંભળીને પેલા દરબાર શું કહે છે? —

“હેં ગઢવા! કવિની કવિતાયે આભડછેટથી બીતી હશે કે?”

“કાંઈ સમજાણું નહિ, આપા શાદૂળ!”

“અરે ગઢવા! તમારા આ ગીતમાં મારો કાનિયો ક્યાં? કાનિયાના નામ વિનાની કવિતાને હું શું કરું?”

પછી તો ચારણે કાનિયાનું ગીત પણ જોડ્યું અને ગાયું.

**

વાંકાનેરના દરબારગઢમાં મામેરાનો સમય છે. રાજાની રાણી રાહ જુએ છે કે, મારો દીકરો પરણે છે, તો પિયરિયાં મોસાળું લઈને આવશે. હવે બન્યું છે એવું કે પેલા લોકો સાવ ભૂલી જ ગયા છે. આનું પિયર ગાંફમાં — છેક ભાલમાં. ભુલાઈ ગયું. હવે શું થાય? અને અહીં બધાં રાણીની મશ્કરી કરે છે. બાઈ છે ઈ રોવે છે ગઢ પછવાડેના એક ગોખમાં બેસીને. ત્યાં નીકળ્યો એક ચમાર. તે ગાંફનો, અને ચામડાં વેચવા વાંકાનેર આવેલો. તેને થયું કે, લાવને બહેનનું મોઢું તો જોતો જાઉં. પછવાડેના ગોખેથી એણે ટૌકો કર્યો : “બા, જે શ્રીકરશન!”

પિયરના એક ચમારને દેખી, કેમ જાણે પોતાનો માનો જણ્યો ભાઈ આવીને ઊભો હોય એવો ઉલ્લાસ રાણીના અંતરમાં ઊપજવા લાગ્યો. એ બોલ્યાં : “હેં ભાઈ, ગાંફના કાંઈ વાવડ છે?”

“ના, બા! કેમ પૂછયું?... વીવાએ કોઈ નથી આવ્યું?”

“અરે બા! બાપ! ખમ્મા તમને. આમ કાં કોચવાવ?”

“ભાઈ! અટાણે કુંવરને પેરામણીનો વખત છે. પણ ગાંફનું કોઈ નથી આવ્યું.

અને મારે માથે મેણાંના મે’ વરસે છે.”

ચમારને થયું, હુંયે ગાંફનો છુંને! એ બોલી ઊઠ્યા,“બા! તું રો, તો મારાં છોકરાંના સોગન. હમણાં જોજે, ગાંફની આબરુને હું જાતી રોકું છું કે નહિ!”

ચમારે તો દરબારગઢની દોઢીએ જઈને ખબર મોકલ્યા : “ગાંફથી ખેપિયો આવ્યો છે; દરબારને કહો, ઝટ મોઢે થાવું છે.”

ચમારને દેખીને દરબારે મશ્કરીનાં વેણ કાઢ્યા : “કાં ભાઈ! મામેરું લઈને આવ્યા છો કે?”

“હા અન્નદાતા!”

“એમ! ત્યારે તો મામેરાંનાં ગાડાંની હેડચ વાંસે હાલી આવતી હશે, કાં?”

“બાપા! ગાંફના ભાણેજનાં મોસાળાં કાંઈ ગાડાંની હેડ્યુંમાં સામે?”

“ત્યારે?”

“એ અમારું ખસતા ગામ કુંવરને પેરામણીમાં દીધું!”

દરબારે મોંમાં આંગળી નાખી. એને થયું કે આ માણસની ડાગળી ખસી ગઇ હશે! એણે પૂછ્યું, “કાંઈ કાગળ દીધો છે?”

“ના, દાદા! કાગળ વળી શું દેવો’તો? આજ મારા બાપુ પંડે આવતા હતા, પણ ત્યાં એક મરણું થઈ ગયું. કોઈથી નીકળાય તેવું ન રહ્યું; એટલે મને દોડાવ્યો છે. ગાંફના ધણીને તો પોતાની તમામ વસ્તી પોતાના કુટુંબ જેવી છે.”

આખા ગામમાં આનંદ ઓચ્છવ થઈ રહ્યો. બીજી બાજુ, આણે તો પછી મૂઠીઓ વાળીને મારી જ મૂક્યાં. એને એમ થયું કે, ઓલ્યા ખબર કાઢવા જશે અને કાંઈ ગોટાળો થઈ જશે! એટલે એ તો સીધેસીધો ગાંફ જઈને ઊભો રહ્યો. બાપુને કહે, “મારવો હોય તો મારો અને ઉગારવો હોય તો ઉગારો. હું એવું કામ કરીને આવ્યો છું કે જે કરવું હોય તે કરજો.”

“છે શું પણ?”

ત્યારે કહે કે, “આપણી બહેનને મામેરું કરવાનું હતું, અને હું તો મામેરામાં ખસતા ગામ આપી આવ્યો છું.”

“અરે! હા, હા... મામેરું તો અમે ભૂલી જ ગયેલા!”

“પણ બાપુ, હું તો તમારા થકી ખસતા આપીને આવ્યો છું... બહેન બિચારી બહુ આંસુડાં પાડતી’તી.”

દરબારનું હૈયું ભરાઈ આવ્યું. “વાહ ! વાહ મારી વસ્તી ! પરદેશમાંયે એને મારી

આબરૂ વહાલી થઈ. વાહ, મારી વસ્તીને મારા ઊપર કેટલો વિશ્વાસ !"

દરબારે ચમારને પાઘડી બંધાવી, અને ડેલીએ ભાણેજનાં લગ્ન ઊજવવાં શરૂ થયાં. ચમારવાડે પણ મરદો ને ઓરતો પોરસમાં આવીને વાતો કરવા લાગ્યાં : "વાત શી છે ! આપણા ભાણુભા પરણે એનાં મોસાળાં આપણે ન કરીએ? ધણી ભૂલ્યો, પણ આપણાથી કાંઈ ભુલાય!"

**

શિહોરના દરબારગઢની ડેલીએ એક બુઢ્ઢો અને એનાં બાળબચ્ચાં ધ્રૂસકે ધ્રૂસકે રોતાં હતાં. ઉપરની મેડીમાં સોળ વરસનો રાજબાળ આતોભાઈ ઊંઘમાંથી ઝબકી ઊઠ્યા. કઠોડામાં આવીને પૂછ્યું કે, "એલા કોણ છો?"

"અન્નદાતા, ઢેઢ છીએ."

"કેમ રુવો છો?"

"બાપુ, અમે આ નેસડા ગામમાં રહીએ છીએ. મારી દીકરીને ઘેલાશાના બરવાળે પરણાવી છે. બાઈ નાની છે, ને જમાઈ બહુ કપાતર મળ્યો છે. બાઈને મારીમારીને અધમૂઈ કરે છે. ઈ દુઃખની મારી દીકરી આંહીં ભાગી આવી. એટલે ઘેલાશાના કાઠી ઘોડે ચડીને આવ્યા, તે હમણાં જ દીકરીને બરવાળે ઉપાડી ગયા... બાપુ! મારી પારેવડી જેવી દીકરીનું શું થશે? અમારો ઢેઢુંનો કોઈ ધણી ન મળે?"

"અમારો ઢેઢુંનો કોઈ ધણી ન મળે?" એ વેણ જુવાન આતાભાઈના કલેજા સોંસરું પેસી ગયું. એણે હુકમ કર્યો કે, "મારી ઘોડી હાજર કરો!"

હથિયાર ધરીને મેડીએથી ઊતર્યો. ઘોડીને પલાણ નાખવાની પણ વાટ ન જોઈ.

ઘોડી ઉપર ચડે, ત્યાં ગઢમાંથી બુઢ્ઢા બાપુ અખેરાજજીએ સાદ કર્યો કે, "ભાઈ, ઊભો રહે." આવીને ઘોડીની લગામ ઝાલી લીધી. એ એકનો એક દીકરો હતો.

કુંવર બોલ્યા": "બાપુ, અત્યારે મને રોકો મા; આ ઢેઢની છોકરીને અને મારે છેટું પડે છે. એ કહે છે કે, અમારો કોઈ ધણી નથી!"

"બાપ, તુંથી જવાય નહિ; ફોજ મોકલું — તું નહિ, તું હજી બાળક છો."

આતાભાઈને બાપની મરજાદની હદ આવતી હોય એમ થયું, એના હોઠ ફફડવા લાગ્યા, મોઢા ઉપર લાલ લાલ લોહી ધસી આવ્યું. બાપના હાથ ઝોંટી, ઘોડીને એડી મારીને એણે કહ્યું, "ખસી જા, ખસી જા, ભગતડા! એમ રાજ ન થાય!"

બાપને શું કહે છે? — "ભગતડા, એમ રાજ ન થાય!'"

બાપનું કાંડું છોડાવીને મારી મૂકી ઘોડી. ઘોડાંનાં ભેટંભેટાં થઈ ગયાં. આતાભાઈનો ભાલો એક કાઠીનાં તોરિંગનાં પાટિયાં વીંધીને આરપાર નીકળી ગયો,

અને બીજાનું બાવડું એણે તલવારને એક ઝાટકે ઉડાવી નાખ્યું. ઢેઢ–કન્યાને પડતી મૂકીને બેય જણા ભાગી નીકળ્યા.

“આવી જા મારી બેલાડ્યે!” એમ બોલીને આતાભાઈએ બાઈનું કાંડું ઝાલ્યું.

“બાપા, હું ઢેઢ છું; તમને આભડછેટ…”

“આભડછેટ કેવાની વળી? તું તો અમારી બોન–દીકરી છો. આવી જા ઘોડી માથે!”

ડેલીએ ઊતરીને એણે કન્યાનાં રોતાં માવતરને દીકરી સુપરત કરી.

ત્યારે લોકમાં હરિજન પણ હતા. હરિજનસેવાની વાતો નહોતી, હજી તો એ કલ્પના પણ નહોતી. પણ એ હરિજનો માટેની એક અમીસરવાણી તે સમાજમાં વહેતી હતી. મેઘાણીની વાર્તા વાંચીને અમને એ સમજાયું કે મહાત્મા ગાંધી આ ભૂમિમાં શું કામ પાક્યા અને આફ્રિકામાં કેમ ન પાક્યા; કાંઈક કારણ હોવું જોઈએ. અને અમારા મનનું એક અનુસંધાન થઈ ગયું.

પ્રકરણ 2

સોરઠના બાલાપર ગામ પાસે નદીની રેતમાં કવિ ઈસરદાનજીનું ગાડું ખૂંચી ગયેલું. ઈસરદાનજી ચોકિયું કરવા ગામમાં બળદ માગવા ગયા. ત્યાં તેમને કોઈ ઓળખે નહીં કે આ કવિ ઈસરદાનજી છે. એટલે ત્યાંના દરબારોએ મશ્કરી કરી કે, "અમારા ગામમાં એક દાદભા દરબાર મોટામાં મોટા છે ત્યાં જાવ, ત્યાં તમને ઉતારોય આપશે અને બધી સગવડ કરી દેશે."

આ કહે, "ક્યાં ઘર આવ્યું?"

"છેવાડે આઘે આઘે હાલ્યા જાવ." એમને એમ કે ભલે ચારણ ભટકાઈ જાતો!

છેવાડે જાય, તો એક ઘાણી ચાલે. બે અધમૂએલ બળદ અને કોઈક મુસલમાન ઘાણી કાઢયા કરે. ઈસરદાનજી કહે, "અહીં દાદભા દરબારની કોઈ ડેલી છે?"

પેલો બહાર આવ્યો. કહે : "ભાઈ, દાદભા દરબાર તો અહીં કોઈ નથી, પણ હું દાદુ ઘાંચી છું."

"પણ પેલા દરબારોએ તો એવું કહ્યું!"

"બાપુ, અહીં દાદભા દરબાર જ કોઈ નથી; દરબારોએ મશ્કરી કરી હશે. પણ તમે મારી આંખ્ય માથે : પધારો."

ચોખ્ખું પાણી લાવી દીધું. બળદ લઈને ગયો અને રેતીમાંથી ગાડું કાઢી આવ્યો. ચોખ્ખી રસોઈ કરવાનાં સાધન આપ્યાં, આગતા–સ્વાગતા કરવામાં કાંઈ બાકી ન રાખી.

આ કવિ ઈસરદાનજી માટે એમ કહેવાય છે કે પોતે દ્વારકાની જાત્રાએ નીકળેલા. મેવાડના મહારાણા છેક સરહદ સુધી તેમને વળાવવા આવ્યા હતા. સરહદ પર હાથ જોડીને રાણો કહે : "કવિરાજ, એક વિનંતી છે : મારા બે દુહા કહો." ત્યારે ઈસરદાનજીએ શું કહ્યું હતું?—

"આ જીભ ભગવાન સિવાય કોઈનાં ગીત ગાતી નથી, રાણા!"

આવા સ્વમાની કવિ બાલાપર ગામમાં રાંક ઘાંચી દાદુને ત્યાં ઊતર્યા, અને તેની આગતા–સ્વાગતા જોઈ ઓગળી ગયા. સવારે તેની વિદાય લઈ ગામ વચ્ચેથી નીકળ્યા. દરબારો ચોરે બેઠા છે, તેમને પોરસથી સંભળાવ્યું :

ચોખાં જેનાં ચિત્ત, તેનાં વરણ કાઉં વચારિયે;
પ્રહ્લાદેય પવિત્ર, દાનવ હુતો, દાદવા.
સવરણ કવરણ ન હોય, કવરણ ઘર ઊછર્યો કરણ;
કોયલ કસદ ન હોય, દસદે ઊછરે, દાદવા.

અરે દાદવા, તું શું કામ શરમાય છે? મુસલમાન છે માટે? ચોખાં જેના ચિત્ત — જેનું દિલ ચોખ્ખું છે, એનો વરણ જોવાનો હોય જ નહિ. એમ તો પ્રહ્લાદ રાક્ષસને ત્યાં જ અવતર્યો હતો ને? તું તો કાંઈ રાક્ષસને ત્યાં અવતર્યો નથીને! શું કામ તું આ બધા અભિમાનીઓથી આટલો બધો સંકોચ પામે છે?

ઓલ્યા ગરાસિયા સાંભળે તેમ ચાર દુહા ફટકાર્યા. જિંદગીમાં જેણે મહારાણાના દુહા ન ગાયા, તેણે એક રંક ઘાંચીના દુહા ગાયા.

આને હું "ડેમોક્રસી" કહું છું. આમાં એક પ્રકારની લોકશાહીનો પ્રાણ પડેલો છે.

**

કાંધલજી મેર પોરબંદર તાબાના ઓડદર ગામનો. કાંઈક અણબનાવ થયો, એટલે જઈને જુનાગઢના રા'ને ત્યાં નોકરીએ રહ્યો. અને વળી રા'ની સાથે કાંઈ બોલચાલ થઈ, એટલે ત્યાંથી ભાગ્યો. રા'એ તેની પછવાડે ફોજ વહેતી મૂકી. આ ભાગ્યો જાય છે, ભાગ્યો જાય છે... ત્યાં વંથળીના પાદરમાં નવસો નાગોરી મુસલમાનો ફૂલદડે રમે છે. જાનું આવેલ સોએક. આ મારમાર જાય, ત્યાં બધાએ ઘોડાને રોક્યો. કહે : "જરા મોં મીઠું કરીને જાવ. આજ ઓચ્છવ છે ગામમાં; એકસો જાનો આવી છે."

"અરે ભાઈ, મારે રોકાવાય તેવું નથી."

"કેમ પણ? એવું શું છે? એક અધઘડી તો ઊતરો."

"અરે ભાઈ, રોકાઉં તો મોટું ધીંગાણું થઈ જાય."

"શું છે?"

"વાંસે આવે છે ફોજ જુનાગઢના રા'ની, મને પકડવા."

એટલે બધા આડા પડ્યા. અને કહે, "તો તો જાવા દેવાય જ નહીં."

આ પણ એક ખૂબી કે "તો તો જાવા દેવાય જ નહીં! કારણ કે જાવા દઈએ તો એમ કહેવાય કે અમે રા'થી બીના. બોલ્યા ન હોત તો જાવા દેત, પણ હવે તો જાવા દેવાય જ નહીં." પરાણે રોક્યો. રા'ની ફોજ હારે ધીગાણું કર્યું, અને તેમાં સોયે વરરાજા કામ આવી ગયા. ત્યારે વંથળીના મુસલમાન નાગોરીઓ એમ પૂછવા ન ઊભા રહ્યા કે આ હિંદુ છે કે ફલાણો છે કે ઢીંકણો.

**

જત મુસલમાનની છોકરી. સિંધનો મુસલમાન બાદશાહ સુમરો વાંહે પડેલો. પેલાં ભાગતાં ભાગતાં મૂળી ગામને ટીંબે આવ્યા. અને ત્યાં એને આશરો આપ્યો પરમાર રજપૂતોએ. લડાઈ થઈ પરમાર રજપૂતો અને સિંધના સુમરાઓ વચ્ચે — એક મુસલમાન છોકરીને રક્ષવા માટે. લડાઈમાં ઘાયલ થયાનું દૃશ્ય છે : માંડવના ડુંગરની

ઉપર બે જોદ્ધા પડ્યા છે : એક જત અને બીજો પરમાર. નીચે પરમાર છે અને ઉપર જત : જત મુસલમાન અને પરમાર હિંદુ. ઉપરથી જતનું લોહી દડતું દડતું નીચે આવે છે અને પરમારના લોહીમાં ભેગું થાય તેમ છે. ત્યારે પેલા જતને એમ થયું કે, અરેરે, આની બિચારાની તો અવગતિ થશે. એટલે પોતાના લોહીની આડી તે પાળ બાંધે છે. હળવે હળવે પેલો પરમાર, જેનું નામ આસો તે, કહે છે :

ઈસા, સુણ આસો કહે,
મરતો પાળ્ય મ બાંધ્ય;
જત પરમારાં એક જો,
રાંધ્યો ફરી મ રાંધ્ય.

“અરે ભાઈ! આપણે તો બધા એક થઈ ગયા. એક નિર્દોશ બાળાને માટે લડતા લડતા સાથે મર્યા. હવે આપણે નોખા કેવા? રાંધ્યો ફરી મ રાંધ્ય. રંધાઈ ગયું. ફરી વાર રાંધ તોય ઈ છે, ને ન રાંધ તોય ઈ છે. આ આડશ ન રાખ, ન રાખ, આપણી વચ્ચે.”

આ તે દીથી જત પરમાર હજી પરણે છે; પરણવાનો પ્રતિબંધ નથી બન્ને વચ્ચે.

ત્યારે આ છે લોકસંસ્કૃતિ. લોક એટલે હિંદુ પણ નહીં, ને લોક એટલે મુસલમાન પણ નહીં. લોક એટલે વાણિયો પણ નહીં, અને લોક એટલે બ્રાહ્મણ પણ નહીં. લોક એટલે કણબી પણ નહીં, અને લોક એટલે હળ પકડવાવાળા કે બરછી પકડવાવાળા પણ નહીં. એવું કાંઈ નહીં. અરે, લોક એટલે પુરુષ પણ નહીં, અને લોક એટલે સ્ત્રી પણ નહીં.

**

‘સાંઈ નેહડી’ વાર્તામાં શું છે? તળાજાનો રાજા એભલવાળો. રાત્રે નીકળેલો. વરસાદ પડ્યો. વરસાદમાં ઠૂંઠવાઈ ગયો. નેસમાં ગયો. સાંઈ નેહડીનો પતિ ઘેર નહીં. પણ એણે એને આશરો આપ્યો. મડા જેવો થઈ ગયેલો. તાપ કર્યો, શેક્યો; ગરમી ન આવી. નેહડીને થયું કે આ તો મરી જશે. બાઈએ દીવાને કહ્યું, “સૂરજનારાયણના તમે તો સાખિયા છો. આંહીં હું આને પડખું આપું છું તે એને જીવાડવા માટે; મારા મનમાં કાંઈ પાપ છે નહિ.” એમ કહીને પડખે સૂઈ ગઈ. તેની એ કુદરતી હૂંફથી બે–ચાર કલાકે રાજાને સાન આવી, સળવળ્યો, એટલે બાઈ બેઠી થઈ ગઈ. બીજે દિવસે એભલવાળાને રાખ્યો, જમાડ્યો. સાંઈ નેહડીને બહેન કરી એ ઘેર ગયો. બાઈનો વર વાંહેથી આવ્યો, એટલે આજુબાજુના લોકોએ તેના કાન ભંભેર્યા. પેલાએ સાંઈ નેહડીને ચાબખા માર્યા. બાઈએ કહ્યું, “બસ હવે, ચારણ, રાખી જા.” આ બાઈને તો શું સત ચડ્યું કે દૂધના બોઘરામાંથી અંજલિ ભરીને સૂરજ સામે ઊભી રહીને કહે : “હે સૂરજદાદા, તમથી કાંઈ અજાણ્યું નથી. હું પવિત્ર હોઉંને, તો આ ચારણને રોમ રોમ કોઢ નીકળજો — આવું આળ મને નાખે?” અને દૂધના છાંટા જેટલા પડ્યા એટલામાં ચારણને કોઢ થઈ ગયો.

લોકસાહિત્યમાં મરદાઈમાં સ્ત્રી–પુરુષના ભેદ નથી. પુરુષ મોટો અને સ્ત્રી નાની, બધી શૂરવીરાઈ પુરુષના ઘરમાં અને બધી ગરવાઈ સ્ત્રીના ઘરમાં, એવું નથી.

**

જાહલ નામની બીજી બાઈ લ્યો. એને ત્યાં આવી જ રીતે એક મેર — કુછડીનો મેર લાધવો — આવી ચડ્યો; જમાડ્યો. લાધવાએ એને વીરપસલીમાં પચાસ કોરી આપી. પણ આની શોક્યે એનો વર આવ્યો ત્યારે ભંભેર્યો. આ નવી અને પેલી જૂની. જૂનીએ ધણીના કાન ભંભેર્યા કે, “આણે લોંઠાને ઘરમાં ઘાલ્યો હતો, અને આવું હતું ને તેવું હતું.” હવે એણે પણ જાસલને ચાબૂક માર્યો. બાઈને સત ચડ્યું; એણે કહ્યું કે, “બસ, હવે રહી જા. મારે માટે ચિતા ખડકાવો.” અને માણસોને કહ્યું કે, “જલદી મારા ભાઈને બોલાવો કુછડીથી. જાવ જલદી, અને કહેજો કે એણે આવીને મને આગ મૂકવાની છે. નાડાછડી, અબીલ, કંકુ, નાળિયેર બધું લેતા આવે.”

એ ચિતાએ ચડી તે વખતે કોઈએ કહ્યું : “આઈ, તમે તો મોટાં, અમે તો પાપિયાં કહેવાઈએ. પણ આઈ, તમને તો અમારા ભાઈ પરણીને લાવ્યા હતા તે આ પુનહડીને છોકરાં નહોતાં થતાં માટે; પણ તમે તો હાલ્યાં. આના વંશનું શું થાશે?” ત્યારે તેણે શોક્ય પુનહડીને બોલાવીને કહ્યું : “જા, તને નવ મહિને દીકરો થશે!” આવું મોટું ગજું! અપમાન આક્ષેપ ગળી, અમૃત કરવાનું ગજું.

ખાનદાની, શૌર્યમાં કોઈ કમીના નહીં. પણ શૌર્ય અને ક્રૌર્ય બંને જુદી વસ્તુ છે. શૂરવીર ક્રૂર કદી હોતા નથી. અને જો એ ક્રૂર હોય તો શૂરવીર કહેવાય જ નહીં.

**

લોકસાહિત્યની અંદર મેઘાણીએ આપણી આગળ જે સૃષ્ટિ ઊભી કરી છે એ સૃષ્ટિની કોઈ વિશેષતા હોય તો એ છે કે તેમાં શૂરવીરતા વિનાનું કોઈ પાસું જ નથી. પછી તે શૃંગાર હોય તોય શૂરવીરતા છે.

સોમનાથનું રક્ષણ કરવા જાય છે હમીરજી ગોહિલ. વેગડા ભીલની કન્યા કહે છે કે, “મારે આને જ પરણવું છે.” એ કહે કે, “નહીં, હું તો જાઉં છું સોમનાથની સખાતે; હું તો એક રાતનો મહેમાન છું.” “તો એક રાત તો એક રાત; મારે તો અત્યારે જ ઘડિયાં લગન થવાં જોઈએ.”

એ કેવળ શૃંગાર નથી, શૌર્યથી મઢેલો શૃંગાર છે. ઉદારતા પણ શૌર્યથી મઢેલી છે. મેઘાણીના લોકસાહિત્યમાંથી નીકળશે કયો ધાગો? શૂરવીરતાનો, શૂરવીરતાનાં વિધવિધ સ્વરૂપોનો. એમાં શૂરવીરતા વિનાનો શૃંગાર નથી, શૂરવીરતા વિનાની કોઈ ઉદારતા નથી; શૂરવીરતા વિનાનું કશું છે જ નહીં. જ્યારે વેર હોય છે ત્યારે વેર પણ શૂરવીરોનું છે.

**

બે વાર્તાઓ છે મેઘાણીની, ફરી ફરી વાંચી જવા જેવી : એક ‘વેર’, અને બીજી

‘દુશ્મનોની ખાનદાની’.

ચોટીલા સંમેલનમાં ચામુંડાની ટેકરી બતાવીને મેં કહ્યું હતું કે, આ ટેકરી ઉપર ભોકાવાળો આવીને ઊભો રહ્યો હતો; લડવા માટે બોલાવ્યો હતો ચોટીલાના રામખાચરે. લડવા માટે આવેલો, કારણ કે રામખાચરના ભત્રીજાને ભોકાવાળાએ મારી નાખેલો. રામખાચરે વેર લેવાનું હતું. પણ દરમિયાન રામખાચરની દીકરી હળવદ ગઈ; ચૂડીઓ વહોરવા — ચૂડીઓ પહેરવા — ગઈ. ત્યાં હળવદના રાજાએ તેને પોતાના શહેરમાં રોકી દીધી. ત્યારે અહીંયા મૂંઝવણ થઈ પડી રામખાચરને કે આ ભોકાવાળા સાથે લડવા ન જઈએ તોયે મુશ્કેલી, અને હળવદના રાજા સાથે લડવા ન જઈએ તો પણ મુશ્કેલી. કરવું શું? ત્યાં દીકરીની આબરૂ જાય છે, અહીં અમારી આબરૂ જાય છે. આ મૂંઝવણની જ્યારે ભોકાવાળાને ખબર પડી, ત્યારે એણે શું કહ્યું? “લડવું હશે તો પછીથી લડાશે. આપણે હમણાં વેરને ભોંમાં ભંડારી દઈએ. તારી દીકરી છે ઈ મારી નથી? લડવાના બીજા ક્યાં મોકા નથી? પણ જો દીકરીની આબરૂ એક વાર ગઈ, તો મારે ને તારે આ દુનિયામાં મોઢું દેખાડાશે નહીં. વેર જૂનાં નથી થતાં.” અને સાથે જઈને દીકરીને બચાવી આવ્યા. બચાવીને આવતાં એ જ ચોટીલાના પાદરમાં પોતાનાં ઘોડાં અલગ તારવતાં ભોકાવાળો કહે, “જાવ, હવે લગન કરીને તમે બહાર નીકળો પછી આપણે લડી લઈએ. અમે ટેકરી ઉપર બેઠા છીએ.”

આમ જુઓ — વેર કરવું હોય તોય આવું કરવું જોઈએ! વેર તો હોય દુનિયામાં. ઈ તો ચાલ્યું આવે છે. પણ વેર વેરની વચ્ચે ફેર છે. પેલાએ તો કહ્યું કે, “બહાર અમે બેઠા છીએ. બહેનને પરણાવીને તમે આવો.” પણ એ કન્યા રામખાચરની જ દીકરી ન હતી; ભોકાવાળાની ભત્રીજી પણ હતીને? કાંઈક તો આવ્યું હોય ને એનામાં વંશનું પોત, ભાઈ! તે ઈ હેઠે ઊતરી ગઈ અને કહે, “ભોકાકાકા, તમે મને દ્રુપદી જાણી કે આ કાઠીનું કુરુખેતર કરાવી નાખું — બેય કુળનું, બાપાનું અને કાકાનું? માંહી માંહી લડવું જ હતું, તો મને અહીં લાવ્યા જ શા સારુ? ત્યાં જ રાખવી હતીને! ત્યાં મરવા દેવી હતી. મને અહીં સુધી લાવવાની શી જરૂર હતી? હવે લડવું હોય તો મારી ગરદન ઉપર પહેલાં તલવાર ફેરવો.” ગરદન નમાવીને ઊભી રહી.

અને ભોકાવાળો ને રામખાચર બંને ભેટી પડ્યા; છોકરીનાં લગન કર્યાં અને વેર ભૂલી ગયા.

**

જે સૃષ્ટિ મેઘાણીએ ઊભી કરી છે તેમાં આલણદે જુઓ, જેને આપણે ‘શેત્રુંજીને કાંઠે’ની વાર્તામાં મળીએ છીએ.

અદ્‌ભુત વાર્તા છે. કોઈ શિષ્ટ વાર્તા પણ એવી નખશિખ કંડારેલી નહિ હોય. આ શું કાંઈ મેઘાણીએ લખી છે? મેઘાણીએ તો સહેજસાજ સુધારા કર્યા હશે. એ તો કંઠોપકંઠ ચાલી આવે છે.

નાનપણમાં દેવરો અને આલણદે રમ્યાં છે. નાનપણમાં એમ છે કે અમે બે પરણશું, અને પછી પરણી શકતાં નથી. આ ગરીબ છે ને પેલી શ્રીમંત છે. આલણદેને

બીજે ઠેકાણે પરણાવી દે છે, ઢોલરા જોડે. ત્યાં ગયા પછી તો આલણદે ઘરકામ કરવામાં પાછું વાળીને જોતી નથી; પણ ઢોલરાને કહી દે છે કે દુનિયાની નજરે ભલે એ તેની પરણેતર હોય, પણ વેવારમાં નહિ.

અને પછી ઢોલરાને ભાન થાય છે કે, દુનિયાએ એને આપેલી પરણેતરને ભગવાને તો બીજે આપેલી છે. "અરેરે, હું એમ માનતો હતો કે દુનિયાના બજારમાં સ્ત્રી વેચાતી મળે છે. પણ માણસે માણસે ફેર છે, હો! આને વેચાતી નો લેવાય." એટલે પોતે ગાડું જોડીને, તેમાં આલણદેને બેસાડીને દેવરાને ઘેર લાવીને એને કહે છે, "આ તારી હતી, ભૂલમાં હું લઈ ગયો હતો; અને મારી બહેનની જેમ રહી છે. એ તો તારી છે, અને આ હવે હું તને પરણાવવા આવ્યો છું." દેવરો તરત જ પોતાની બે બહેનોને તૈયાર કરે છે. બે માંડવા નખાય છે : એકમાં આલણદે ને દેવરો, અને બીજામાં ઢોલરો ને દેવરાની બે બહેનો. ત્યારે ઢોલરો કહે છે, "અરે! અરે! હું કાંઈ એવી આશાએ આવ્યો હતો!" ત્યારે દેવરો કહે : પણ બોલ્ય મા—

દીકરીયું દેવાય, વવું દેવાય નહીં;
એક સાટે બે જાય, ઢાલ માગે તોય ઢોલરો.

સાંભળ્યું નથી હો કે કોઈ આવીને પોતાની પરણેતરને આપી ગયો હોય. સીતા સારુ થઈને તો રામ–રાવણ વચ્ચે શું થયું? રાવણને બધાએ સમજાવ્યો હતો. પણ ઈ માન્યો જ નહીં. નહીંતર એણે ઢોલરાની જેમ સીતાનું કર્યું હોત તો! 'રામાયણ'નો કેવો ખુશખુશાલ અંત આવ્યો હોત!

પણ ઈ શિષ્ટ સમાજ છે, અને આ લોક છે. શા માટે લોકમાં આ આવે છે, અને શિષ્ટમાં કેમ નથી આવતું? હા, લોકમાં પણ ક્યારેક પતન શરૂ થાય છે. પણ આ દાખલો યાદ રાખજો કે, શા માટે એવી બુદ્ધિ રાવણને સૂઝતી નથી? શા માટે આવી બુદ્ધિ કર્ણ–દ્રૌપદી વચ્ચે સૂઝતી નથી? શા માટે પાર્વતી દેવદાસની હોવા છતાં દેવદાસને પહોંચાડી નહીં? કરુણારસની કુપ્પી સમી એ રચનામાં ચરિત્ર–ચિત્રણની કમીના નથી. પાર્વતીને કયો અભાગી વિસરી શકે? આવી સ્વાધીન બુદ્ધિ, આવો નિર્મળ નેહ ક્યાં ચિતરાયો છે બીજે? પણ તેનો અંત આંસુભીનો કેમ? આલણદેનો કેમ નહીં? કારણ કે ધન–દોલતે, માલિકીની ઘેરી બુભૂક્ષામાંથી જન્મતા આબરૂના ખયાલોએ, લોકહૃદયને ઘેરી લીધું નથી. ત્યાં તે સર્વોપરી નથી; દેવદાસના સમાજમાં છે.

આ એક કિસ્સો નથી. આહિરની ઉદારતાની એક બીજી વાર્તા પણ છે. એમાં શું છે?

એક આહિર વિકમશી. તેને પરાણે પરણાવે છે. અને પરણેતર આવે છે. પછી ઈ પરણેતરને કહે : "હું પુરુષમાં નથી. તું દુ:ખી ન થા. હું તને બીજે પરણાવી દઈશ." પરણેતર તો થોડા દા'ડામાં એની સાથે એટલી હળીમળી ગઈ કે ઈ કહે છે કે, "માળા જપતાં જપતાં જિંદગી કાઢી નાખીશું. મારે બીજે ક્યાંય જવું નથી." આહિર મનમાં મક્કમ છે. મા–બાપ બેઠાં છે ત્યાં સુધી આ કરું તે ઠીક નહીં, તેમ માની મૂંગો રહે છે. મા–બાપ મરી જાય છે એટલે તે બાઈને કહે, "સોનબાઈ, હાલ્ય તારે પિયર. આપણે

ઘણા દિવસથી ગયાં નથી, એટલે જઈએ." એને કહેતો નથી કે શું કામ જાય છે. જઈને પોતાના સસરાને કહે છે કે, "ભાઈ, હું આ તમારી દીકરી પાછી મૂકી જાઉં છું. હું માણસમાં — પુરુષમાં છું જ નહીં, અને હવે મારે તો નગર જવું છે. હું પાવૈયાના મઠમાં બેસી જઈશ, કારણ કે નહીંતર મારા સાત ભવ આવા જાય." એવી આ લોકમાન્યતા. બાપે ય રાજી થયો કે, "હાશ! મારી દીકરીનો ભવ સુધરી ગયો." હવે આ ચાલ્યો ગયો જામનગર. અહીંયા આ છોકરીને પરણાવી દીધી લખમસી નામના મોટી ઉંમરના બીજવર જોડે. ઈ માણસ પણ સારો.

થોડા મહિના થયા હશે, ત્યાં પાવૈયાઓ આ ગામમાં માગવા આવ્યા. તેમની પછવાડે ઘોડા ઉપર આહિર વિક્રમશી બેઠેલો. રિવાજ એવો કે છ–આઠ મહિના તેને લૂગડાં ન પહેરાવે, સાથે રાખે ને ચકાસે કે આ માણસ ખરેખર પુરુષમાં નથી. પાવૈયાનું આ પેડું સીમમાંથી આવતું હોય છે, ત્યાં સોનબાઈ ભાત લઈને ખેતરે જતી હોય છે. જુએ છે તો ઘોડાની ઉપર આગલો ધણી બેઠેલ છે. તરત જ ઘોડાની લગામ પકડીને કહે છે કે, "તમારે આમ વયું જવું હતું? આમ મને રાતમાં દગો દઈને શીદ ગયા? હું તો સુખી જ હતી. તમે આમ શું કામ કર્યું?" પેલો કહે, "ના, ના, એવી રીતે તને દુ:ખી કરાય નહીં!" સામે તેનો ધણી હળ ખેડે છે, તેને બતાવી કહે : "પેલો રહ્યો તે તારો ધણીને? તે જુએ છે, પછી તારા પર ખિજાશે." "ખિજાય કે ન ખિજાય, પણ તમને હું નહીં જવા દઉં. મારું એક વેણ રાખો." ત્યારે કહે કે, "શું?" તો કહે કે, "મારે ત્યાં આજે જમવા આવો." તો કહે કે, "પણ અમારાથી એમ જમવા અવાય? આ લોકો એમ મને કેવી રીતે છોડે?" ત્યારે કહે કે, "જે હોય તે, પણ તમે આવો તો જ લગામ મૂકું." ત્યારે કહે કે, "જો તારો વર કહેશે તો હું આવીશ."

આ બાઈ ગઈ એટલે તેનો વર તો ગુસ્સે થઈ ગયો : "કોની સાથે વાત કરતી હતી?" આણે એને પેટછૂટી વાત કરી દીધી કે, "ઈ મારો આગલો ધણી છે, ને હજી યે માયા બંધાયેલી છે. મને કહ્યા વિના છાનોમાનો વયો ગયો હતો. મેં એને ના જ પાડી હતી!" આ બધી વાત કરી. એના વર લખમશીના મનમાં પણ રામ વસ્યા. એટલે સાંતી છોડીને ઘરે ગયો ને ચોરે જઈને પાવૈયાઓને કહ્યું કે, મારે ઘેર વિક્રમશીને જમવા મોકલો. એ જમવા ગયો. બાઈનો નવો ધણી માતાનો ભગત, તે સાંજે વાળુ પહેલાં ઈ માતાના મઢમાં બેસીને ધૂણવા લાગ્યો. માતા સર્યમાં આવ્યાં. બાઈ એકદમ વિક્રમશીને કહે કે, "જાવ, જાવ, માતાના પગમાં પડી જાવ." પેલો જ્યાં ધૂણતો'તો ત્યાં તેના પગમાં વિક્રમશી પડ્યો. જ્યાં માથે હાથ મૂક્યો ત્યાં તો ચેતન–ધોધ આખા શરીરમાં વહેવા માંડ્યો. માતાજી સર્યમાંથી ઊતરી ગયાં એટલે પેલાએ પૂછયું, "કેમ ભાઈ?" તો કહે, "મારું તો જીવતર સુધરી ગયું, હું તો નવે અવતારે આવ્યો." આણે પોતાની વહુને હાકલ કરી કે, "તૈયાર થા. તારે આની સાથે જવાનું છે." ગાડું જોડી બીજે દિવસે જઈ એના મૂળ ઘરે મૂકી આવ્યો.

આલણદે અને સોનબાઈની વાર્તાઓ માત્ર અપવાદ રૂપ નથી. દરિયો ડહોળી આ બધું મેઘાણીએ શોધી શોધીને આપણી પાસે મૂક્યું છે. અને એમાંથી જીવનનાં કેટલાંક મૂલ્યો, જીવનના કેટલાક કેડા, જીવનના કેટલાક પ્રકાશસ્થંભો એમણે આપણી પાસે ખડાં કર્યાં છે. એનાં અજવાળાંઓમાં સૌરાષ્ટ્ર, અને કાંઈક અંશે ગુજરાત પણ, ખાનદાનીભરી એકતાના અમીઘૂંટ પી શક્યું.

પ્રકરણ 3

અંગ્રેજો આવ્યા પછી જે મધ્યમવર્ગ અહીં ઊભો થયો તેના મનમાં અંગ્રેજી સત્તાને હઠાવી કે સમજાવી, દેશનો વહીવટ લોકોના પ્રતિનિધિરૂપે પોતાના હાથમાં લેવાની ઇચ્છા હતી. સામાન્ય જનતાનું રાજ્ય સ્થાપવું હતું. 1857ના બળવામાં જેમ રાજાઓ, દિલ્હીનો બાદશાહ કે પુનાનો પેશ્વા પોતાનાં જૂની ઢબનાં રાજ્યો ફરી સ્થાપવા ભેગા થયા હતા, તેવા આ લોકો નહોતા. તેમને તો અંગ્રેજી ઈતિહાસ અને બંધારણના વાચને જેની તૃશા જગાવેલ તેવું લોકોનું રાજ્ય સ્થાપવું હતું. અને છતાં, જેનું રાજ્ય સ્થાપવું હતું તે લોકોને માટે કોઈ પ્રકારની અનુભૂતિજન્ય સંવેદના તેમનામાં નહોતી. સામાન્યજનની અંદરના હીરની તેમને પરખ નહોતી, સામાન્યજનની સૃષ્ટિ કેવી છે તેનો તેમને ખ્યાલ નહોતો. લોક તરફ કોઈ પ્રકારનો પ્રેમ હતો નહીં, અનુસંધાન ન હતું; આદર તો હોય જ શાનો! અને છતાં સ્વરાજ એમના વતી, એમના માટે, એમના ટેકાથી લાવવું હતું.

નરસિંહરાવ દિવેટીઆને જ્યારે કોઈએ પૂછ્યું કે લોકની વાણીમાં સાહિત્ય નિર્માણ થાય? ત્યારે નરસિંહરાવે કહ્યું કે, "નહીં, લોકની વાણીમાં જે વ્યવહાર ચાલે છે એ બોલચાલની ભાષા છે, એમાંથી સાહિત્ય તો કદી નિર્માણ થઈ શકે જ નહીં." નરસિંહરાવભાઈ તો બહુ ભલા અને ઉમદા માણસ હતા. પણ એમની વિદ્વત્તા એમની ભલાઈ કરતાં બલવત્તર હતી. વિદ્વત્તા — એટલે એમણે કહ્યું કે, "બોલચાલની ભાષામાં સાહિત્ય ન થાય, કારણ કે બોલચાલની ભાષા તો બોલી છે. એ બોલનારા સંસ્કારી નથી, અસંસ્કારી છે."

આ બીજું વિધાન તો પૂર્વગ્રહયુક્ત મધ્યમવર્ગનું છે. તેમની માન્યતા મુજબ દેશ વિજ્ઞાન, રાજનીતિ, અર્થનીતિમાં પાછળ રહી ગયો, ગુલામ બન્યો, તેનું કારણ આ દેશના લોકો વહેમી, રૂઢિગ્રસ્ત અને અંધ સંસ્કારવશ હતા. આ લોકો એમનાથી, એમના ભણતરથી જુદા હતા; અભણ અને અસંસ્કારી હતા. તેમને સુધારવાની જરૂર હતી — તેમની પાસેથી શીખવાનું તો શું હોય? આ પ્રકારનો ગુરુભાવ અને પોતાની અલગતાની શ્રેષ્ઠતાનું ભાન તેમને હતું. એમને કલ્પના પણ નહોતી આવેલી કે ભણેલાયે અસંસ્કારી હોઈ શકે છે, અને અભણ પણ સંસ્કારી હોઈ શકે છે. કારણકે સંસ્કારને અને છાપખાનાને અનિવાર્ય સંબંધ છે એવું નથી. છાપખાનું હતું નહીં તે દહાડે આખો સમાજ કાંઈ અસંસ્કારી નહોતો. નરસિંહરાવ એ વિચાર કરવા થોભ્યા નહિ કે આટલો મોટો સમાજ સંસ્કાર વિના હજારો વર્ષથી કેમ જીવ્યો હશે? અને સંસ્કાર નથી તો માણસ એકબીજાને ખાઈ કેમ ગયો નથી!

મેઘાણીની જહેમતથી, સાધનાથી, સાહિત્યકારોને ભાન થયું છે કે જેને આપણે અભણ સમાજ માનીએ છીએ તે સમાજમાં પણ વિવિધ સંસ્કારિતાની અદ્ભુત ખુશબો ભરેલી છે. અને એ એવી ખુશબો, કે પામે તે ખુશખુશાલ થઈ જાય. એ ભાનમાંથી લોકાભિમુખતા આ વર્ગમાં આવી, સહજ રીતે પેદા થઈ, અને એને લીધે બંને વર્ગો નજીક આવ્યા. ઉચ્ચનીચભાવ મૈત્રીને પોશક નથી. મૈત્રી માટે સમાન ગુણધર્મનું ભાન જરૂરી છે. લોકસાહિત્યમાં તુચ્છતા નહોતી, પણ મહાન ગુણો હતા

તેનું ભાન ભદ્ર વર્ગને થયું. આ છે મેઘાણીના પુરુશાર્થનું એક ઐતિહાસિક પરિણામ. રાષ્ટ્ર બે ફાડિયાંમાં વહેંચાઈ ગયું હતું. તેને પાસે લાવવામાં એમના સાહિત્યે, ખાસ કરીને લોકસાહિત્યના સર્જન–સંશોધને, ઘણો ભાગ ભજવ્યો છે.

જેમ નરસિંહરાવભાઈએ ભૂલ કરી, તેમ કિશોરલાલ મશરૂવાળાએ પણ એક ભૂલ કરી. એક લેખમાં તેઓએ લખ્યું કે જગતમાં બે પ્રકારની સંસ્કૃતિ છે : એક ભદ્ર સંસ્કૃતિ છે, અને એક સંત સંસ્કૃતિ છે. તેઓએ બન્નેમાં ભેદ શો પાડ્યો? ભદ્ર લોકો ઇન્દ્રિયાનુરાગી હોય છે, ઇન્દ્રિયોના મોજશોખમાં પડ્યા પાથર્યા રહે છે, તેમાં જ મગ્ન રહે છે; એને કમાવાનું કાંઈ નહીં, પાસે પૈસા છે, સમૃદ્ધિ છે. આ ભદ્ર સંસ્કૃતિ છે. બીજી સંત સંસ્કૃતિ, જેમાં વૈરાગ્ય એ મુખ્ય વસ્તુ છે. આ સંસારની અંદર બધું ક્ષણભંગુર છે; એક ભગવાન સનાતન છે, બાકી બધું માયા–મૃગજળ છે. ભગવદ્‌સ્મરણથી પ્રાપ્ત થતો આનંદ સનાતન છે. તો એમાં આપણે ડૂબી જવું. આવી બે સંસ્કૃતિઓ છે.

તે વખતે મેં કહ્યું હતું કે આ બે જ સંસ્કૃતિ છે તેવું નથી, એક ત્રીજી સંસ્કૃતિ પણ છે જેને અમે લોકસંસ્કૃતિ કહીએ છીએ. થોડાંક માણસો સંત સંસ્કૃતિમાં તરબોળ છે, થોડાં ભદ્ર સંસ્કૃતિમાં છે. પણ બાકીનો વિશાળ માનવસાગર બંને વચ્ચે પથરાયેલો પડ્યો છે. તે છે લોકસંસ્કૃતિ. તેને નથી જોઈતો સંતોનો વૈરાગ્ય કે નથી જોઈતો ભદ્રોનો વિલાસ. તેને જોઈએ છે ઉલ્લાસ. ગરીબાઈમાં, કુદરતી આફતમાં, આસમાની સુલતાનીમાં તે નાચે–ગાય છે, ઝીલે છે, ખીલે છે.

લોકસાહિત્ય સમગ્ર લોકોર્મિનું, સંઘોર્મિનું સાહિત્ય છે, એમ મેઘાણીએ બતાવ્યું. લોકસાહિત્યમાં ઊર્મિ વ્યક્તિની નથી, સંઘની ઊર્મિ છે. એ ગવાય છે પણ સંઘમાં, એ રચાય છે પણ સંઘમાં, એનું ‘પોલીશીંગ’ પણ સંઘમાં જ થાય છે. એનો કર્તા કોણ, એ ખબર નથી. એક સંઘની ઊર્મિનું સંઘ દ્વારા રચાતું સાહિત્ય, તે લોકસાહિત્ય છે. પછી તમે ‘રઢિયાળી રાત’ના રાસડા લ્યો કે ‘કંકાવટી’નાં વરત–વરતુલાં લ્યો, તમે ‘ચૂંદડી’નાં લગ્નગીતો લ્યો કે ‘સોરઠી સંતવાણી’નાં ભજનો લ્યો.

આ લોકસાહિત્યનો પાયો શો છે?

મેઘાણીએ તે માટે શબ્દ વાપર્યો છે ‘સમુલ્લાસ’; સમ્–ઉલ્લાસ શબ્દ વાપર્યો છે. ઉલ્લાસ એવો, જે કાંઈક મર્યાદામાં હોય. ઉલ્લાસનો ઇનકાર નહીં; જેમ સંત સંસ્કૃતિએ ઉલ્લાસનો ઇનકાર કર્યો. ભદ્ર સંસ્કૃતિએ એક કૃત્રિમ ઇન્જેક્ષનથી આવતા અતિજોશ જેવા વિલાસની વાત કરી. તેમની પાસે પુશ્કળ પૈસા હતા, નવરાશ હતી. લોકોની પાસે નહોતું એટલું મફતનું ધન. લોકો શ્રમ કરતાં કરતાં આનંદ પામતાં હતાં. આ લોકસંસ્કૃતિ છે; તેનો પાયો નથી વિલાસ કે નથી વૈરાગ્ય. તે બેની વચ્ચે એમનો જીવનસાગર ઘૂઘવે છે, જેને મેઘાણીએ સમુલ્લાસ કહ્યો છે. વળી કહ્યું છે, સઘોર્મિનો સમુલ્લાસ. આવો ભરપૂર આનંદ ભરપૂર શૌર્ય માગે છે.

જીવનને ક્ષણભંગુર કહ્યું તે વાત સાચી છે. લોક કહેશે, તે છે એમાં ક્યાં કોઇ ના પાડે છે? પણ ક્ષણભંગુર છે માટે આજથી જ રોવા માંડવું? મરવાના છીએ એ વાત તો સાચી જ છે, પણ મરવાના છીએ એટલે શું, મરવાના છીએ તેમ રોજ રટયા કરવું?

હાય! મરી જશું. કાલે મરી જશું! એમ કરી બીતા રહેવું? લોકસંસ્કૃતિ તો એમ કહે છે કે, મરણ આવશે તે દિવસે જોશું, ભાઈ! મરણ આવશે ત્યારે મરણ સાથે ભરી પીશું. આવશે તે દી તેનાંય ઓવારણાં લેશું. મરણ એક આનંદ–ઓચ્છવ બની જશે. મૃત્યુ છે. જ્યારે આવે ત્યારે વધાવી લેવાનું છે. આવે ત્યારે દોડાદોડી ને ભાગાભાગી કરવાની જરૂર નથી.

જીવનમાં ઉલ્લાસ મેળવવો એ આ લોકસંસ્કૃતિની વિશેષતા છે. અને આ વિશેષતા શૌર્ય સિવાય એક દિવસ પણ જાળવી શકાતી નથી. એટલે શ્રૃંગાર છે એ પણ શૌર્યમય છે. એની ઉદારતાનો પાયો પણ શૌર્ય છે.

વૈર પણ મહિમાવંત ઘટના છે. વૈરમાં પણ એક પ્રકારનું શૌર્ય છે. તેથી લોકસાહિત્યમાં ખૂટલાઈ જેવું પાપ નથી. મેઘાણીના લોકસાહિત્યમાં વેર લેવું છે, પણ ખૂટલાઈથી વેર નથી લેવું, સામેથી પડકારો કરીને લેવું છે : “આવું છું, તૈયાર રહેજે! તને કાંઈ અંધારામાં મારવો નથી.”

**

બિલખામાં વીરાવાળો અને ભાયો મેર. એક કાઠી ને એક ખાંટ. બંનેને જમીન અંગે ઝઘડો. બેઉએ ગોંડલવાળા ભા કુંભાને વચ્ચે પડવા કહ્યું : “તમે આનો કાંઈક નિકાલ કરી દ્યો.”

ભા કુંભા કહે, “બહુ સારું.”

બેય જણને બોલાવ્યા. બધી ગોઠવણ કરી. ભા કુંભાને ભાયા મેરની સાથે સારું. એને એમ કે ભાયા મેરની તરફેણમાં કાંઈક કરું. એણે શું કર્યું? વીરાવાળાના લાડવામાં ઝેર ભેળવી દીધું : પીરસે ત્યારે આ માણસને ઝેરવાળા લાડવા આપવા.

પંગત બરાબર બેસી ગઈ છે. દૂધની તાંબડિયું ફરી રહી છે. પીરસવાની શરૂઆત થાય છે. ત્યાં ભાયો મેર ઊભો થઈને પેશાબ કરવા ગયો, અને ભીંતની પછીતે ઊભો રહેવા જાય ત્યાં એ ગઢની એક દાસી કહે :

“આજ બધું પતી જશે.”

“શું?”

“વીરાવાળાને લાડવામાં ઝેર દેવાના છે.”

“હેં?”

“તમારા લાભમાં થઈ જવાનું, બાપુ!”

પણ એને થયું કે, “મારો દુશ્મન આમ કૂતરાને મોતે મરે? શું કરું?”

ભા કુંભા તો ગોંડલનો ધણી. મોટો રાજા. છેલ્લી ઘડીએ થાય શું? પંગતમાં જ્યાં લાડવા પીરસાણા, વીરાવાળાની થાળીમાં લાડવા આવ્યા, ત્યાં ભાયો મેર બોલી

ઊઠ્યો કે, “વીરાવાળા! મારું પતાવ્યા વિના ખા તો ગા ખા.” લાડુ વીરાવાળે હાથમાંથી મૂકી દીધો.

ભા કુંભાએ સામે જોયું. સમજી ગયા. “ખાંટડો ને!” એમ કહીને ભાગીને ગઢમાં ગરી ગયા. વીરાવાળો જોઈ જ રહ્યો.

“શું છે, ભાયા મેર?”

ભાયા મેરે લાડવો ભાણામાંથી લઈને બિલાડીને નાખ્યો. બિલાડી ઢળી પડી.

વીરાવાળો ઊભો થઈને ભેટી પડ્યો. અને કુંભાને સાદ કરીને કહે કે, “ભા કુંભા, જો, જો! વેર હોય તો આવું હોય. ગઢની ઉપરથી જો તો ખરો!” અને ભાયાને કહે કે, “ચાલ, જ્યાં તારા ઘોડાના ડાબલા પડે ઈ સીમ તારી. મારે કોઈને પૂછવું નથી.”

**

કુંડલા પાસે ખડકાળા ગામ છે. એ ખડકાળામાં કાળાભાઈ ખાચર એક દરબાર. એ એના મિત્ર ભૂવા આચરને ત્યાં હજાર રૂપિયા માગવા માટે ગયા. દરબાર ઘરે નહીં. રાત્રે દરબારની વહુએ વાળંદને કહ્યું કે, “હું સૂઉં છું ઈ પથારીમાં નવો ઓછાડ નાખી સરખી પથારી કરી દેજે.” એ વાળંદ જ્યાં ઓછાડ નાખવા ગયો, ત્યાં બાઈનું સોનાનું ઝૂમણું એમાં પડેલું. આગલી રાતનું રહી ગયેલું. વાળંદે તો ઈ ઝૂમણું મૂક્યું ખિસ્સામાં ને લઈ ગ્યો પોતાને ઘરે.

એની ઘરવાળી કહે કે, “મરી જઈશ એલા, આ કોનું લાવ્યો?”

“હવે બેસ બેસ, એમ ક્યાં મરી જવાતું’તું?”

“પણ આ તો માનું ઝૂમણું છે. તને નહીં પચે.”

“અરે, હું એમ કહીશ કે કાળાભાઈ લઈ ગ્યા! આપણે શું?”

બે દિવસ પછી બાઈને પેલું ઝૂમણું સાંભર્યું ને વાળંદને પૂછયું કે, “મારું ઝૂમણું તેં પલંગમાં જોયું હતું?”

વાળંદે કહ્યું, “ના રે મા... પણ આ કાળાભાઈ પૈસા લેવા આવ્યા’તા, બહુ ભીંસમાં હતા, તે લઈ ગયા હશે.”

બાઈએ માની લીધું. ધણીને વાત કરી. ધણીને પણ માઠું લાગ્યું કે, મારો ભાઈબંધ આવું કરે? એટલે પાંચ–પંદર દા’ડા પછી કહેવરાવ્યું કે, “તમે ઓલું ઝૂમણું લઈ ગયા’તા, ઈ હવે પાછું મોકલી દેજો.”

કાળોભાઈ તો દીકરાનાં લગ્ન માટે પૈસા માગવા આવેલો. મિત્રનો ભેટો ન થયો, એટલે અડધી જમીન ઘરેણે મૂકીને લગ્ન તો કરી લીધાં. હોકાપાણી પીવે છે. અડધી જમીન ગઈ છે, પણ મનમાં બાર બાદશાહી છે. ત્યાં ભૂવા આચરનો સંદેશો અસવાર લાવ્યો : “ઓલું ઝૂમણું મોકલજો.” વાંચીને કાળોમશ થઈ ગયો. પણ મોટા

ગજાનો માણસ, તે વાત ગળી ગ્યો. “કાંઈ નહીં; હશે.”

બાકીની અરધી જમીન પણ ઘરેણે મૂકી દીધી. નવું ઝૂમણું કરાવ્યું, અને ગ્યો આપવા. પણ મનમાં બીક છે કે આ અસલ ઝૂમણા જેવું નહીં હોય, અને સરખાવશે તો? અને એમ કહેશે કે, આ મારું ઝૂમણું નથી, તમે મોળું કરાવ્યું છે, તો? કાંઈ નહીં, તો આ ઘોડી આપી દઈશ... ને નહીં તો તલવારથી માથું ઉતારી દઈશ.

બધો ડાયરો બેઠો છે. આ તો ઝૂમણું વીંટીને ગયેલો. ભૂવો આયર કહે કે, “બેસો, બેસો. વાતું થાય છે. હું જરા ગઢમાં જઈ આવું.”

હવે આ દરમિયાન પેલો હજામ ગઢમાં ઘેર ગયો છે. વાળંદડીને વાળંદ કહે છે કે, “કે’તી’તીને નહીં પચે! એ રાંડ, વેવલાં ન થઈએ! આ તારો બાપ કાળોભાઈ નવું ઝૂમણું ઘડાવીને લાવ્યો.”

“હે, શું વાત કર છ?”

“હા, ઈ કાળોભાઈ નવું ઝૂમણું ઘડાવીને લઈ આવ્યો! હવે પાટિયામાં દાટ્યું છે ને ઈ કાઢજે પછી.”

આ વાત ભૂવો આયર ત્યાં પછીતેથી જતો હશે, તે સાંભળી ગયો. કહે, “અરરર! મેં તો ભાઈબંધનું મોત ઊભું કર્યું!”

અંદર જતાં જ અડબોત ચડાવી દીધી પેલા હજામને.

“હરામખોર, અદક પાંસળિયા! આ ધંધો કર્યો તેં! કાઢ્ય, ઝૂમણું કાઢ્ય.”

ઈ પાટિયામાં દાટેલું ઝૂમણું કાઢ્યું. કાળું પડી ગયેલું.

વીંટીને લઈ ગયો. વહુ પાસે બીજું હતું એય લીધું. અને પછી બધા બેઠા’તા ત્યાં જઈ કહે, “આ અમારા કાળાભાઈ જૂના ભાઈબંધ છે. અમારો એકજીવ જેવો નાતો. હું નો’તો ને આવ્યા’તા, તે ઝૂમણું લઈ ગયા.”

કાળાભાઈ કહે કે, “મારી મતિ ફરી ગઈ, ભાઈ. લ્યો આ ઝૂમણું, ને ઉપર ભેગી આ મારી ઘોડીયે લ્યો.”

ભૂવા આયરે ત્રણે ઝૂમણાં પાસે પાસે મૂક્યાં. બધાં તો જોઈ જ રહ્યાં. બે તો એક જોડ્યનાં. પણ ત્રીજું ક્યાંથી?

ડાયરાએ બે ઝૂમણાં સરખાં ગોતી કાઢ્યાં. પછી મિત્રે કાળાભાઈને કહ્યું, “મને તારો વિશ્વાસ ન આવ્યો. મને ત્રણ ટકાની બાયડીએ કહ્યું, અને એને એક ટકાના હજામે કીધું, તે મેં માની લીધું. અરરર! એ તો ઠીક છે કે બધું સારું થયું. નહીં તો મારે અફીણ પીવાનો વારો આવત ને! તમારું ઝૂમણું તો લઈ જ જાવ. વધારામાં આ બેય તમે લઈ જાવ. મારી બેનને મારા તરફથી કાપડામાં આપજો.”

આનું નામ દિલાવરી.

વેર હોય તો ભલે, અવિશ્વાસ હોય તોય ભલે, તકરાર હોય તોય ભલે, પ્રેમ હોય તોય ભલે. જે હોય તે, પણ કોઈ જગ્યાએ ખૂટલાઈ નહોતી.

પ્રકરણ 4

કિશોરલાલભાઈએ જે સંત સંસ્કૃતિની વાત કરી છે તેનાથી આ લોકસાહિત્યની સંસ્કૃતિ જુદી છે. મેઘાણીભાઈએ જે સંતોનાં જીવન ભેગાં કર્યાં છે અને એ જીવનનું એમણે જે આલેખન કર્યું છે, તે આલેખનમાં પણ સંઘ–જીવન માટેની ચિંતા, સંઘજીવન સાથે એકરસ થવાની મનોવૃત્તિ છે, પરંતુ સામાન્ય ધાર્મિક જીવન જીવતા એકાકી સાધુસંતો કરતાં તે જુદા પ્રકારની છે.

આપા દાના ચલાળાના સંત, અને એમને વિશે એમ કહેવાય કે તેમને ભગવાન હાજરાહજૂર. આવી ઊંચી કક્ષાએ એ પહોંચેલા.

એક હજામ રોજ એમની પગચંપી કરવા આવે. પગચંપી કરતાં કરતાં ઘણાં વર્ષો વીતી ગએલાં. પણ આપા દાના તરફ એની નિશ્ઠા એવી કે સવારના પહોરમાં પહેલાં આપા દાનાની માળા ફેરવે. જગતનાં દુ:ખો ભાંગવાવાળો આપા દાના સિવાય કોઈ નથી, એવી એની આસ્થા.

એક દહાડો હજામ સીમમાં ગયેલો. તે જમાનામાં કોઈ કામની મજૂરીમાં પૈસા ન અપાતા; સૌને જમીન અપાય. હજામને જમીન હોય, સુથાર–લુહાર બધાંને જમીન હોય. આ હજામ એક સાંજે પોતાના ખેતરેથી કાંટાની ઘાંસી વાઢીને ગાડા ઉપર ચડાવવા પ્રયત્ન કરે છે. પણ ભારે ઘાંસી ગાડા ઉપર ચડે નહીં, વારે વારે લસરી પડે. શું કરવું?

ઘણા પ્રયત્નો કર્યા પછી થાકી ગયો. વળી એક છેલ્લો પ્રયત્ન કરવા પોતાની પીઠ દઈને કહે, “એ આપા દાના! ઘાંસી ચડાવજો !” આમ બોલ્યો ને ઘાંસી ચડી ગઈ.

તે સાંજે પગચંપી કરવા આપા દાનાની જગ્યામાં ગયો. પગ ચાંપી રહ્યો, એટલે આપા દાના કહે, “એ ભણે હાલ્ય! આજ જરા મારા વાંહામાં કાંટા ખૂંચી ગયા છ તે કાઢ્ય ને જરા.”

“આપા, વાંહામાં કાંટા ક્યાંથી વાગ્યા?”

“પણ તું જરા જો તો ખરો!”

“આણે જોયું તો આખા વાંહામાં કાંટા, કાંટા, કાંટા.”

“અરે અરે, આપા! આટલા બધા કાંટા ક્યાંથી?”

“ભણે, તેં મને યાદ નહોતો કર્યો — ઘાંસી ચડાવતી વખતે?”

“અરેરે આપા! મેંથી ભારે પાપ થઈ ગયું આ તો.”

“એમાં શું? આખી જિંદગી તું મારા પગ ચાંપ, ને એક દી મને સંભાર ને હું નો આવું તો તો ધૂળ પડેને જીવતરમાં!”

આપા દાનાને ત્યાં લખુ કરીને એક બાઈ. પોતાના ધણી સાથે અણબનાવ, એટલે તેને છોડી મઠમાં આવીને રહે ને મઠનું કામ કરે.

યુવાન બાઈ. તેનું શરીર વશ નહિ રહે એમ લાગ્યું, એટલે એમણે પોતે જ એને કહ્યું કે, "બાઈ! કોઈ બાવાનું બીજ લઈ લે."

(આ વાત મેઘાણીની નોંધોમાં છે. એમણે લખેલી વાર્તામાં તેઓ ભૂલી ગયા છે; વાર્તામાં આમ નથી લખ્યું.)

મૂળ પાયો તે છે કે, વર્ગ–વિશેષતા હોઈ શકે છે, પણ વર્ગ–સંકુચિતતા ન હોઈ શકે. તમે અને હું જુદો જુદો વ્યવસાય કરતા હોઈએ, પણ મારા ને તમારા વ્યવસાય એકબીજાના વિરોધી ન હોય. જેમ ઝાડ ઉપરનો કીડો ઝાડને ખાય છે, અને એટલે ઝાડ અને કીડો એકબીજાના વિરોધી છે — એવા મેળ વગરના આ વર્ગો નથી. પણ ખેડૂત, સુથાર, લુહાર, કડિયા વગેરે પોતપોતાની રીતે સમાજને મદદગાર થાય છે, એકબીજાને પોશક રીતે જીવે છે. એકબીજા સાથે સમાન દરજ્જે વર્તવાની એક હવા એ સમાજમાં પ્રવર્તમાન રહી છે.

**

ગજાભાઈ નામે એક દરબાર અને ગામ વડોદ. તે દિવસોમાં ભાગબટાઈનો રિવાજ. ખળામાં બધું અનાજ આવ્યું છે. પટેલને મનમાં થયું કે, આટલું બધું અનાજ મેં મજૂરી કરી પેદા કર્યું, અને આ દરબાર એમ ને એમ મફતનો ભાગ લઈ જવાના! એટલે રાત્રે ખળામાંથી એક ગાડું ભરી અનાજ ઘર ભેગું કરવા વિચાર્યું. તેણે ગાડું ભર્યું, પણ લોભી ઘણો — પચીસ મણ ભરવાને બદલે ચાલીસ મણ ઠાંસી દીધું. વધારે ભારવાળું ગાડું ગામના પાદરે પોગ્યું ત્યાં એક પૈડું નીકળી ગયું. પછી માટી મૂંઝાણો. ચાલીસ મણનું ગાડું એકલો શી રીતે ઊંચું કરે? કેવી રીતે પૈડું ચડાવે?

સવારના પહોરમાં મોંસૂઝણું થયું, ત્યાં એક જણ બુકાની બાંધીને ચાલ્યો આવે. ઈ જ ગામના દરબાર ગજાભાઈ. પણ માથે બાંધેલું, અને પૂરું અજવાળું નહીં, એટલે દરબાર ઓળખાય નહીં.

પટેલે કોઈ વટેમાર્ગુ સમજી એને જ કહ્યું કે "જરાક ટેકો કરાવોને, આ પૈડું નીકળી ગયું છે તે ચડાવી દઉં."

દરબાર સમજી ગયા : આપણા ગામનો ખેડુ છે, અને અનાજ છાનુંમાનું લઇ જવું છે. પણ કશું બોલ્યા નહિ. મનમાં વિચાર્યું કે, આપણો ખેડુ છે; ઈ પકવે છે એટલે કોક વાર આવું થાય. આપણે સારા માણસને ઉઘાડો નથી પાડવો; ઈ બિચારો શરમાઈ જશે. એટલે એણે તો નીચું જોઈને ટેકો કરી, ગાડું ઊંચું કરી પૈડું ચડાવરાવ્યું.

હવે થોડા દિવસ પછી ઈ દરબારને ત્યાં કોઈ મહેમાન આવ્યા હશે. ગામમાંથી ગાદલાં ભેગાં કરવા કોટવાળ નીકળ્યો. આ પટેલને ત્યાં ગયો, એટલે પટલાણી કહે કે, "તમારી સારુ કાંઈ વહુઓનાં આણાં નથી કરાવ્યાં. અમે ગાદલાં–બાદલાં નહીં દઈએ."

ના પાડી એટલે કોટવાળ ખીજાણો ને જેમ તેમ બોલ્યો હશે. પટેલ આવ્યા, એટલે પટલાણીએ કહ્યું : બે બદામનો કોટવાળ જેમ તેમ બોલી ગયો, વગેરે.

પટેલ કહે : "આવા ગામમાં રહેવું જ નથી. ગાડાં ભરીને આપણે તો બીજે ગામ જાશું."

આડોશી–પાડોશી સૌ પટેલને સમજાવવા આવ્યા કે, "આમ ગામ છોડીને ચાલ્યા ન જવાય, આપણે કોટવાળને સમજાવશું; બીજે જશો ત્યાંયે આવું જ હશે."

પણ પટેલ તો, બસ, માને જ નહીં. ઈ તો વટમાં ને વટમાં ગાડાં ભરીને હાલતા થઈ ગયા. ગાડાં ચોરા પાસેથી પસાર થયાં. ચોરા ઉપર દરબાર બેઠેલા. દરબાર હેઠા ઊતર્યા. ગાડાં પાસે જઈ પટેલના કાનમાં કહે : "જ્યાં જાવ ત્યાં ગાડાને કેડ્ય આપીને પૈડું ચડાવી દે એવો ધણી ગોતજો. બીજું કાંઈ નહીં, આટલું ધ્યાનમાં રાખજો."

પટેલ એકદમ ચમકી ગયા. એને થયું કે, આ ગજાભાઈએ તે દી મને ટેકો આપી પૈડું ચડાવ્યું'તું!

પટેલે ગાડાં પાછાં વાળ્યાં, પાછો ઘરમાં પહોંચી ગયો.

ત્યારે કહેવાનું શું છે? એવો ધણી ગોતવો, એવો આગેવાન ગોતવો, કે જે આપણી એબ ઊઘાડી ન પડવા દે; ઊલટું, ટેકો આપીને ગાડું હાલતું થાય એવું કરી દે. ઈ કાંઈ તે જ દિવસે જરૂરી હતું એમ છે? આજે સહકારી મંડળીઓમાં આ વિચાર જરૂરી નથી? આ ટ્રસ્ટની સંસ્થાઓમાં આ વિચાર જરૂરી નથી? પંચાયતના પ્રમુખ કે પ્રધાનો માટે આ વિચાર જરૂરી નથી? જ્યાં જ્યાં સમૂહ ભેગો થાય છે અને આગેવાન નિર્માણ કરવાના હોય છે ત્યાં બધે જ આ વિચાર જરૂરી છે.

**

એવી જ એક બીજી વાત છે.

દેપાળદે ગોહિલ સીમમાં ફરવા નીકળ્યા છે. વાવણીનો સમય છે. ખેડૂતો ઊંધું ઘાલીને વાવણિયા ચલાવ્યે રાખે છે. એમાં જોયું તો એક ખેતરમાં વાવણિયે એક બાજુ બળદ જોડેલ, ને બીજી બાજુ એક બાઈ!

દરબારે એ ખેતર તરફ ઘોડું વાળ્યું. હાંકનાર જાતનો ચારણ લાગ્યો. "ભાઈ, આ શું કરે છે?"

"બળદ એક જ છે, વાવણી ન કરું તો ઊભું વરસ ખાઉં શું?... કોઈ પારકી નથી!"

"અરરર, આવું તે હોય? હું હમણાં બળદ મંગાવી દઉં છું." માણસને દોડાવ્યો. મોંમાગ્યા પૈસા આપી બળદ લઈ આવવા હુકમ કર્યો. અને પેલા ચારણને કહે, "હવે તો બાઈને છૂટી કર, કાંઈક તો દયા રાખ્ય."

"અરે, બહુ દયા આવતી હોય તો તું જ જૂતી જાને!"

રાજા દેપાળદે ઘોડા ઉપરથી હેઠે ઊતરી બાઈને કહે, "બહેન, ખસી જા" અને પોતે જૂતી ગયા. વાવણીયો બેએક ઉથલ ફર્યો હશે, ત્યાં બળદ આવી ગયો.

પછી લાણીનો સમય આવ્યો. જુવાર લણી, તો રાજા જે બે ઉથલ ફરેલો તેમાં જુવારના દાણાને બદલે મોતી પાક્યાં હતાં. ચારણ દિંગ થઈ ગયો. સૂંડલો ભરીને દરબારની પાસે લઈ ગયો ને કહે કે, "લ્યો આ."

"શું છે?"

ચારણ મોતી બતાવી કહે કે—

જાણ્યો હત જડધાર, નવળંગ મોતી નીપજે;
વવરાવત વડ વાર, દી બધો દેપાળદે!

"હે રાજા! ખબર હોત ને કે તને જોડવાથી મોતી નીપજે, તો આખો દી તારી પાંહે જ વવરાવત. તને છોડત જ નહીં. આખું ખેતર વવરાવી દેત."

તે સમયે રાજા–પ્રજાના આ સંબંધો હતા, આગેવાન અને અનુયાયીઓના આ સંબંધો હતા. એ સંબંધોમાં કેવી મુક્તતા હતી!

આને તમે કેવળ સાહિત્યની રચના તરીકે જ માણો–ઓળખો એ પૂરતું નથી. પ્રબળ ઐતિહાસિક સત્ય તેની પાછળ પડેલું છે.

આજની જેમ વર્તમાનપત્રો નથી. રોજનીશી લખવા જેટલું ભાષાજ્ઞાન કે સમજ નથી. પણ તેથી કાંઈ સમાજ સાવ નિરસ, નિર્વીર્ય કે નિસ્સાર નહોતો. તે દહાડે પણ પરાક્રમીઓ, પ્રેમીઓ, વૈરાગ્ય પર ઓળઘોળ કરનારા પાકતા જ હશે. લોકો તેને જોઈ મુગ્ધતા, રોમાંચ, અહોભાવની રસહેલી અનુભવતા જ હશે. આ વિરલ અનુભવ યાદ રહી જતો હશે, કાઢ્યો કઢાતો નહિ હોય.

એ કૃતિઓ કોરી લોહીમાંસ વિનાના હાડપિંજર જેવી નોંધો નથી. લોકોએ પોતાના હૃદયરસે તેને સીંચીમઢી છે, એથી હરેક સર્જકમાં રહેલી ઉત્તમ બનાવવાની તૃશા તેમાં પણ કાંઈક હશે જ. પણ ભૂલવા જેવું નથી જ કે આ કલ્પનોત્થ સર્જન નથી — પણ વીસર્યા ન વીસરાય તેવા બનાવનું રસભર્યું અનુરણન છે.

બહારવટિયાનું સાહિત્ય આ રીતે તપાસવા જેવું છે.

જો તમે એને કેવળ સાહિત્યની રચના તરીકે જ માણો, તો માણી શકો. પણ લોકોએ તો એને કાલ્પનિક રચના તરીકે સ્વીકાર્યું જ નથી. તેઓએ સંઘોર્મિના દસ્તાવેજી સાહિત્ય તરીકે તેને અપનાવ્યું, માણ્યું અને અનુભવની કસોટીએ ચડાવી તેમાં સુધારા વધારા પણ કર્યા. એ સાહિત્ય કોણે લખ્યું? તો ક્યાંયે કોઈ નામ નથી. પણ એ એક દસ્તાવેજી રીતે લખાયું છે. એની સાબિતી તમારે જોઈતી હોય તો જોગીદાસ ખુમાણ તેમ જ બીજા બહારવટિયાઓને વાંચો. બહારવટિયાની આ વાતો

તો બનેલા બનાવો છે. એ કાંઈ સેંકડો વર્ષ પહેલાંની વાત નથી; ગણ્યાં વર્ષો પરની વાત છે.

**

બે કિસ્સાઓ તમને કહેવા માંગું છું. એથી આપણે સમજી શકીશું કે આ જેની વાત છે તે એક જીવનની પદ્ધતિ હતી. એ પદ્ધતિ કોઈ મેઘાણીએ પોતાની કલ્પનામાંથી લખી કાઢેલી નથી; તેનું દસ્તાવેજી મૂલ્ય છે.

બહારવટિયા જોગીદાસનો કિસ્સો કોઈ સાહિત્ય–સર્જન નથી. જોગીદાસે ભાવનગરના મહારાજા સામે બહારવટું ખેડ્યું છે. મહારાજાએ જોગીદાસનાં વહુ–છોકરાંઓને પકડ્યાં; પકડીને પોતાના મહેલમાં નજરકેદ રાખ્યાં છે.

એકવાર મહારાજાના કુંવર સાથે આ છોકરાઓ રમતા હતા. ને રમતાં રમતાં કુંવરને જોગીદાસના છોકરાએ થપાટ મારી. એટલે ચંચવાળતો ચંચવાળતો કુંવર બાપ પાસે ગયો કચેરીમાં — ખાનગીમાં નહીં.

"લાખે ખુમાણે મને માર્યો," રોતાં રોતાં છોકરાએ કહ્યું. લાખો જોગીદાસનો છોકરો.

મહારાજા હસીને કહે, "હોય ભાઈ, હોય. એનો બાપ અમનેય મારે છે, તે છોકરો તમને મારે જ ને? આપણે એનાં ગામગરાસ લઈ લીધાં હોય, તો એની આંતરડી તો કકળે જ ને? નો કકળે, બેટા? અમેય ચંચવાળીને બેસી રહીએ છીએ, એમ તમેય બેસી રહો, બાપ!"

જોગીદાસની દીકરી મોટી થઈ. વજેસંગ મહારાજાએ પોતે એને પરણાવીને અકાળું ગામ દાયજામાં આપ્યું.

વેર હતું, પણ ખાનદાની વિનાનું નહીં.

**

પોતે જેની જવાબદારી લીધી તેને માટે ત્રાગાં કરવાની ચારણોની વાતો 'સૌરાષ્ટ્રની રસધાર'માં આવે છે. આપણે ગીગા મહિયાના બહારવટાનો એક કિસ્સો લઈએ.

ગીગો મહિયો બહારવટું ખેલતો હતો. એક ગામમાં ગયો ને ગામના મોટા પટેલનું ઘર લૂંટવા માંડ્યો. એક હાર્યમાં આઠ–દસ ઓરડા છે. એક પછી એક ઓરડા તૂટી રહ્યા છે. એ વખતે બે ચારણિયાણી ત્યાં આવી ચડી. રસ્તેથી નીકળી હશે. તરસ લાગી. સાસુ–વહુ બેય પાણી પીવા ઘરને આંગણે આવી ઊભી. આંહીં તો સોપો પડી ગયેલો. આ કહે : "ભાઈ! કોઈ પાણી આપો. તરસ્યાં છીએ."

અંદરથી એક કણબણે આવીને પાણી પાયું. પાણી પીતાં પીતાં, અંદર પટારા તૂટે છે એ અવાજ સાંભળ્યો તે કહે, "શું છે આ?"

“આઈ, તમે પાણી પીઓ ને વહર્યાં જાવ, માડી! આંઈ કાંઈ છે નહીં.”

“ના, ના, પણ છે શું! શેનો દેકારો થાય છે?”

તો કહે, “આઈ! ગીગો બહારવટિયો આવ્યો છે ને અમારું ઘર લૂંટી જાય છે.”

સાસુ–વહુએ એકબીજાની સામે જોઈ લીધું. કંઈ મોઢેથી વાતચીત થતી નથી. પાણી પીને કહે : “બતાવો.”

બે ઓરડા હજુ તૂટયા નહોતા ઈ બતાવ્યા. બે પટારા ઉપર બેય જણીયું જઈને બેસી ગઈ. પછી કહે કે, “એક એક મોટો પાણો લાવો.” દસ દસ શેરના પાણા લઈને બેઠી.

ગીગા મહિયાના માણસો આવ્યા, અને જુએ તો ઓરડામાં બે જોગમાયાઓ લોબડિયું બાંધીને છૂટી લટો મૂકીને બેઠી છે. બેય ચારણીઓને જોઈ એટલે બધાં કહે, “આઈ! હેઠાં ઊતરી જાવ.”

“હેઠાં તો હવે આ ભવ ઊતરી રિયાં!”

લાંબાં વર્ણનો કરવાની લોકજીવનમાં ફુરસદ નથી : “હેઠાં તો અતૂરી રિયાં!”

ગીગા મહિયાને બોલાવ્યો, તો કહે, “આઈ! પગે લાગું.” પાઘડી ઉતારી ગળામાં છેડો લીધો. કહે, “આઈ! આ પટેલ મને વારે વારે કહેવરાવતો’તો કે, મોટો ભડનો દીકરો હો તો મારે ઘરે આવ્ય. હવે આ મોકો મળ્યો છે ને તમે આ...”

“વિસામા, બાપ, વિસામા.”

શું કહે છે એક શબ્દમાં જ? “અથર્યો ન થા. જિંદગીમાં આવું બને. ધીરો પડ્ય, ધીરો પડ્ય.”

ગીગો કહે કે, “આઈ! તમારે આની હારે શું લેવા કે દેવા?”

“પાણી પીધાં છે આ ઘરનાં, મારા વીરા; લૂંટ્યું એટલું લઈ જા, પણ હવે નહિ.”

આ કોઈ કાલ્પનિક બનાવ નથી.

પોતાના વેણ માટે, પોતાના વ્રત માટે, એ જવાબદારી માટે, એ જમાનામાં એક અત્યંત મોટી જાગૃતિ હતી, એ મેઘાણીભાઈના સાહિત્યમાંથી આપણે અનુભવીએ છીએ.

એક સમગ્ર સૃષ્ટિ એમણે ખડી કરી છે. એ સૃષ્ટિની મોતીમાળામાં, એક એક મણકામાંથી, એક જ તાર ચાલ્યો જાય છે. એ તાર એમણે આપણને કાઢી બતાવ્યો છે. લોકજીવન સંઘોર્મિના શૌર્યભર્યા સમુલ્લાસથી ભરેલું છે. અને સંઘ–શૌર્ય દ્વારા સ્વરાજ લાવવા ઇચ્છતા એ જમાનાને આ તારે રણઝણતો કર્યો છે.

પ્રકરણ 5

મેઘાણીએ લોકસાહિત્યની જે સૃષ્ટિ ઊભી કરી તેનાં મૂળિયાં ક્યાં ક્યાં ફેલાયાં છે, તથા તેના રસપ્રવાહને પરિણામે આપણા રાષ્ટ્રીય જીવન ઉપર તથા તેના શિષ્ટ સાહિત્ય ઉપર શી અસર થઈ છે, તે જોવા આપણે પ્રયત્ન કરી રહ્યા છીએ. કારણ કે આખરે સાહિત્યકારનું ઉત્તમમાં ઉત્તમ તર્પણ તેની છબીઓ પ્રગટ કરવામાં નથી, કે તેના નામના માર્ગો ખુલ્લા મૂકવામાં નથી; પણ તેનાં સર્જનને સમજવામાં જ તેનું બહુમાન થાય છે.

લોકસાહિત્યની જે સૃષ્ટિ એમણે સંગ્રહિત કરી સંસ્કારી, તેનું એક મહત્ત્વનું લક્ષણ એ દેખાય છે કે આજુબાજુના જીવન સાથે એ ગાઢભાવે સંકળાયેલી છે.

લોકસાહિત્યની અંદર માત્ર માણસની જ વાતો નથી આવતી; પણ જેના સહકારથી માણસ જીવી રહ્યો છે, તેની મમતાભરી વાત લોકસાહિત્યમાં માણસની જોડાજોડ આવે છે. પછી ભલે તે જમીન હોય, ઘોડાં હોય, ગાયભેંશ હોય, ખળખળતી વહેતી નદી હોય, કે ગીરનું ગાજતું જંગલ હોય. લોકસાહિત્યની સૃષ્ટિની એ વિલક્ષણતા છે કે મનુષ્ય ત્યાં નથી એકાકી કે નથી એકાધિપતિ. માર્કસે જેને ‘એલિયેનેશન’ કહ્યું છે — આજુબાજુની સૃષ્ટિ જોડેનો પરભાવ, અને એમાંથી નીપજતો પોતાના વિશેનો પણ પરભાવ, જે અત્યારના યંત્ર–ઉદ્યોગી સમાજની મોટી સમસ્યા થઈ ગઈ છે — તેની એ સૃષ્ટિમાં હયાતી નથી. યંત્રોદ્યોગી સમાજમાં માણસ પોતાની જાતથી તથા પોતાની આજુબાજુની સૃષ્ટિથી અલગ પડી ગયો છે. તે એમાં રહે છે, છતાં તેની જોડે કશો પોતીકો ભાવ અનુભવતો નથી. ચૈતન્યનો એક કાયદો છે કે પોતાનું પ્રાગટ્ય બહારની સૃષ્ટિ સાથે અર્થપૂર્ણ સંબંધ સ્થાપ્યા સિવાય તે કરી શકતું નથી. ચેતનમાં જે નીહિત પડ્યું છે તેને માટે બાહ્ય સૃષ્ટિ સાથેનો ઐક્યભાવ જરૂરી છે. ચકમકને જેમ લોઢા સાથે સંકળાવું પડે છે, ત્યારે જ ચકમકમાં રહેલ નીહિત અગ્નિ લોઢા સાથે અથડાતાં પ્રગટ થાય છે, એવો આ સંબંધ છે.

મુઠ્ઠીભર મેનેજરો કે આયોજકોને ઈશારે ચાલતા જટિલ સમાજમાં આ પ્રક્રિયા સંભવિત નથી. અને એમાંથી જ એના પડઘા રૂપે અતિવર્તમાન સાહિત્યમાં એક પ્રકારનું એબ્સર્ડ સાહિત્ય, એબ્સર્ડ કલા જન્મે છે. કશા જ ધ્યેય વિનાના, કશા આકાર વિનાના, અસ્તિત્વ શેના માટે છે તેની કોઈ ખાતરી વિનાના આ અતિ જટિલ જગતમાં માણસ વેરાન બિયાબાંમાં અટવાઈ ગયો છે.

લોકસાહિત્ય આનાથી બિલકુલ ભિન્ન છે. તેમાં આજુબાજુની સૃષ્ટિ અને મનુષ્ય એક થઈ ગયાં છે. જેવા રસથી માણસનું વર્ણન થાય છે, એવા જ રસથી ઘોડાંનું, ગાયોનું, નદીઓનું વર્ણન થાય છે. માણસ જ મહત્ત્વનો છે એવું નથી. કારણ કે તે માણસના જન્મનું તેની આજુબાજુની સૃષ્ટિ વિના કશું જ મૂલ્ય નથી. આથી એ બધાં જોડેના સંબંધોને એ માનવી પરિભાષામાં ગાય છે. પૃથ્વી એ માનવી માટે પેટ્રોલ કાઢવાનું, કોલસો કાઢવાનું કે સોનું કાઢવાનું સાધન નથી. ધરતી તો મા છે —

જી રે લાખા!

ખૂંદી તો ખમે રે માતા પૃથમી ને
વાઢી તો ખમે વનરાઈ;
કઠણ વચન મારાં સાધુડાં ખમે,
નીર તો સાયરમાં રે સમાય.

ધરતી, વનરાઈ, સાયર વિશેનો આ ભાવ લોકસાહિત્યમાં વણાયો છે. સમગ્ર સૃષ્ટિ સાથે માણસે જાણે અનાક્રમણના કરાર ("નોન–એગ્રેશન પેક્ટ") કરેલ છે. હું તારા પર આક્રમણ નહીં કરું, હું તને વાપરી નહીં કાઢું, તારી રાખ પર મારો વિજયધ્વજ નહીં ફરકાવું, તું મારું સાધન નથી, એમ જાણે કહ્યું છે. "નોન–એગ્રેશન પેક્ટ" અધૂરો શબ્દ છે. શ્વાઈત્ઝરનો "રેવરન્સ ફોર લાઇફ", જીવંત સૃષ્ટિ માટેનો આદરભાવ, તે વધારે સમુચિત શબ્દપ્રયોગ છે.

ભીમોરાના ગઢમાં ઘેરાઈ ગયેલ નાજા ખાચરને હવે કેસરિયાં કરવાં પડશે તેમ લાગે છે. પોતાની પાસે ઉત્તમ જાતની ઘોડીઓ છે. તેના પર દુશ્મનો બેસે એ તો નામોશીભર્યું થાય. એટલે એણે બધી ઘોડીઓને કતલ કરી પછી કેસરિયાં કરવા ગઢના દરવાજા ખોલવાનું નક્કી કર્યું. ઘોડીઓ પણ ધણીનો આ મનસૂબો પામી ગઈ. માથાં નમાવી ઊભી રહી. માથાં તલવારના ઝાટકે નોખાં થવા લાગ્યાં, ત્યારે એક ઘોડી હણહણી. એટલે નાજો ખાચર કહે "આને જીવવું લાગે છે. જાવા દો, જાવા દો, એને છુટ્ટી મૂકી દો!" કેવી અદ્‌ભુત છે વાત! પોતાનાં પ્રાણીઓ સાથેના સંબંધો પણ કેવી કોમળ લાગણીઓથી પ્રેરાયેલા છે! જે કોઈ પોતાના સંબંધમાં આવે તેને માટેની સંવેદનશીલતા અને સૂક્ષ્મ કદરદાની એ સંબંધોમાં છે. "એને જીવવાનો મોહ થઈ ગયો છે. જવા દો એને. એના ઉપર માલિકીનું જોર વાપરી નહીં શકીએ."

કલોજી લૂણસરીઓ મર્યો ત્યારે એની ઘોડી એના માથે ચાર પગ ગોઠવીને ઊભી રહી ગઈ કે હવે કોઈ એના મડા પર ઘા ન કરે. ઘોડાં માલિક સાથે એક થઈ ગયાં છે. માલિક ઘોડાં સાથે એક થઈ ગયા છે.

લોકસાહિત્યને મૂલવવા માટે આ સમજ બહુ ખપની છે. આપણે એ સમાજમાં પાછા ભલે જઈ શકીએ તેમ નથી. પણ તે સમાજ જે કારણે માનસિક રીતે તંદુરસ્ત, દિલાવર, ખેલદિલ રહ્યો હતો તે વસ્તુ આપણે નવા સમાજમાં નહીં લાવીએ, તો આ સમાજ તુચ્છ બની જશે.

**

આનો અર્થ એવો નથી કે એ સૃષ્ટિની અંદર અન્યાય ક્યાંયે નથી, અથવા તો અણગમતા બનાવો નથી બનતા. મનુષ્યરચિત કોઈ સંસ્થા પૂરી નિર્દોશ હોતી નથી.

આવી ઊણપો અને અન્યાયો વિશે પણ લોકસાહિત્ય સજાગ છે. જેણે એ સાહિત્ય સરજ્યું તેણે નોંધવામાં વેરાવંચાવાળું વર્તન રાખ્યું નથી. એ જમાનાના લોકોમાં "ડિરેક્ટનેસ" છે. આડપડદા વિનાની સીધી વાતો કરવાની ટેવ છે. આપણી વાણી "ઈન્ડિરેક્ટ", આડકતરી છે. એ કાળે બધું સીધું જ છે. અણઘટતું લાગે તો પણ સીધું જ કહે છે, અને તેથી એ બનાવ તરફ આપણો વિરોધ આપોઆપ પ્રગટે છે.

આપણા મનની અંદર એ સ્થિતિ ચાલુ રહે તેવું થતું નથી.

એક ગીત છે :

વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

ઘણા દહાડે વહુ પોતાને પિયર ગઈ. સુખદુ:ખની વાતો થાય છે. મા પૂછે છે : “બહેન, તું કેમ દુબળી છો?” દીકરી કહે છે :

કવળા સાસરિયામાં જીવવું રે લોલ.

મારા સાસરાવાળાં બહુ કવળાં — કપરાં લોકો છે. આ વાત સાંભળી તેની નણંદે. જઈને ઘેર વાત કરી : ભાભી તો આપણા ઘરનું વગોણું કરતાં હતાં :

વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

હવે, એ ગવાય છે ત્યારે જે ઘરમાં આ બાઈ દુ:ખી થાય છે તેને માટે “મોટા” શબ્દ વાપર્યો છે. પણ સાંભળનારના મનમાં ઊંધી જ પ્રક્રિયા થાય છે, આ મોટા મનાતા ઘર માટે વિરોધ જાગે છે. આ ગીતના ઢાળમાંથી કરુણ રસની સિતારી વહે છે. રચનારે તો તેમાં વરનો વાંક છે એવું પણ દર્શાવા દીધું નથી. એણે તો “મોટા” ઘર સામે તીર તાક્યું છે. એથી વર તો તેની પરણેતરને અફીણની વાટકી ધરી કહે છે : “કાં તો તમે પીઓ, કાં તો હું પીઉં; તમે ન પીઓ તો હું પી જાઉં.”

ઘટક દઈને ગોરાંદે પી ગયાં રે લોલ,
ઘરચોળાની ઠાંસી એણે સોડ્ય જો.

પતિ સામે એને રોશ નથી. નહીં તો ઘરચોળું શું કામ સંભારે? એ સમજે છે કે, મારો પતિ તો લાચાર છે આ “મોટા” ઘર સામે. અરસપરસને ચાહનારાં, છતાં સંજોગોને કારણે લાચાર નવ–પરિણીતોની મનોવેદના આટલા ટૂંકા શબ્દોમાં કોઈક સ્થળે જ રજૂ થઈ હશે.

એવું જ બીજું ગીત છે :

નો દીઠી પાતળી પરમાર્ય રે, જાડેજી મા

બહારગામ ચાકરીએ ગયેલો જુવાન લાંબા વખતે ઘરે આવે છે અને માને પૂછે છે : “ક્યાં ગઈ છે મારી પાતળી પરમાર્ય?”

મા ગલ્લાંતલ્લાં કરે છે :

“નાહવા ગઈ હશે… ખાંડવા ગઈ હશે… દળવા ગઈ હશે…”

દીકરા! હેઠો બેસીને હથિયાર છોડ્ય રે, કલૈયા કુંવર!
ધોણ્યું ધોઈને હમણાં આવશે રે.

“…નદીએ ધોવા ગઈ છે.”

દીકરો વળી એમ કહે છે : “માડી! નદી ને નવાણ હું જોઈ વળ્યો.”

માડી! નો દીઠી પાતળી પરમાર્ય રે, જાડેજી મા!
મોલુંમાં દીવો શગ બળે રે.

છેવટે ખબર પડે છે : નથી એની પાતળી પરમાર્ય. કેમ નથી? એનાં લૂગડાં તો છે. જઈને એની બચકી ખોલે છે. શું જોયું? વણવપરાયેલી અકબંધ પડી છે બાંધણી. અંગે પણ અડાડી નથી. ટીલડી પણ એમ ને એમ પડી છે. ત્યારે એને ખબર પડે છે : મારી પરમાર્યે તો મારી ગેરહાજરીમાં સારું લૂગડુંય પહેર્યું નથી.

લોકસાહિત્યમાં તો ગવાયું છે :

નાનો દેરીડો લાડકો ને
કાંઈ લાવ્યો મેંદીનો છોડ રે...

ભાભીને કહે છે કે, “ભાભી, તમે જુઓ તો ખરાં. હું મેંદીનો છોડ લાવ્યો છું. તમે મેંદી વાટીને હાથ રંગો.”

તો ભાભી શું કહે છે? “ઈ રંગીને હું શું કરું? એનો જોનારો તો પરદેશ ગયો છે!”

હાથ રંગીને દેરી શું રે કરું, એનો જોનારો પરદેશ રે! — મેંદી
રંગ લાગ્યો.

આ પાતળી પરમાર્યે પણ કોઈ દિવસ સારું લૂગડુંયે પહેર્યું નથી.

એના બચકામાં કોરી બાંધણી રે,
એની બાંધણી દેખીને બાવો થાઉં રે, ગોઝારણ મા!
મોલુમાં આંબો મોડિયો રે.

“ડિરેક્ટનેસ” છે. આડકતરી કોઈ વાત છે જ નહીં : “એની બાંધણી દેખીને બાવો થાઉં” : મારો સંસાર સ્મશાન થઈ ગયો.

લોકોને આ બધું સાહિત્ય યાદ રાખીને હૈયામાં સાચવવાનું છે. લંબાણ તો તેને પોસાય જ નહીં. એટલે એટલું જ કહ્યું : “એના બચકામાં કોરી બાંધણી રે.” બાકીનું સમજી લેવાનું. એમ કહેવાપણું નહીં કે વિવાહમેળામાં ગઈ નથી, મીઠાં ભોજન માણ્યાં નથી કે પલંગે સૂતી નથી. તે બધું વર્ણવવાની જરૂર નથી. “કોરી” શબ્દ આવ્યો, એટલે બાકીની વાત આવી ગઈ. અને આવું કાળું કામ કરનારી માને પણ શું કહ્યું? “ગોઝારણ”. લાંબી લપછપ નહીં. કહી નાખ્યું : “મો’લુમાં આંબો મોડિયો રે.”

આંબો. આંબા જેવું વૃક્ષ, દેવતાને પણ એનું ફળ દુર્લભ છે : તેવી મારી સ્ત્રી, તેને વાઢી નાખી — અને તે મો’લુંમાં! જે એનું આશ્રયનું, પરમ વિશ્વાસનું સ્થાન, તેમાં મોડી? ઊગતાં જ ટૂંપો દીધો? કેવો ગાઢ કરુણ છે “મો’લુંમાં દીવો શગ બળે”માં! મારા રંગમહેલમાં દીવા ઝળહળે છે, દીવાની નિશાનીએ મન ત્યાં પહોંચી જાય છે, પણ ત્યાં જોવા શું મળે છે? “બચકામાં કોરી બાંધણી રે, એની બાંધણી દેખી

બાવો થાઉં!"

સંસ્કૃતમાં "ગૃહિણી ગૃહમ્ ઉચ્ચતે" કહ્યું છે. તેને કેવી વ્યથાભરી વ્યંજનાથી શગ્ય ચડાવી છે!

આવું છે લોકસાહિત્ય. અલંકારો શોધવા તેને દૂર જવું પડતં઼ નથી. 'મેહ–ઉજળી'ની વાતમાં પ્રિયતમ મેહ નથી આવતો ત્યારે ઉજળી શું કહે છે?—

વણ સગે વણ સાગવે, વણ નાતીલે નેહ;
વણ માવતરે જીવીએ, પણ તું વણ મરીએ, મેહ!

સાવ સાદું : વણ સગે વણ સાગવે : આ બધાં વિના જીવાશે, પણ મેહ, તારા વિના જીવાશે નહીં. આ કહેવા માટે દૂર જવાની જરૂર નથી. કન્યા ને વરને શું નામ આપે છે? અશાઢના મેહ જેવો વર છે. સામે વીજળી જેવી ઊજળી વરેણ્યા છે. બસ, પતી ગયું. પોતાની આજુબાજુની સૃષ્ટિમાંથી બિલકુલ યથોચિત ઉપમા–અલંકારો શોધી કાઢ્યાં. તે જડે છે ક્યારે? જ્યારે એની સાથે તાદાત્મ્ય હોય છે ત્યારે.

વરસાદ આવે ત્યારે જો માણસ ગાંડોતૂર ન થાય, તો તે કવિતા કરે કેવી રીતે? અશાઢનાં વાદળાં માણસના હૈયામાં ઊભરો ન ચડાવે, તો કવિતાની ઊર્મિ ઊપજે ક્યાંથી? ગાયને જોતાં જો પવિત્રતાની ભાવના ન જન્મે, તો એ ગાયો માટે માણસ મરે કેવી રીતે?

જોગીદાસ ખુમાણનું બહારવટું ઠીક રીતે ચાલતું હતું. મરદની જેમ ભાવનગર રાજ્ય સામે વર્ષોથી એ ઝૂઝતો હતો. આ બહારવટું એણે માંડી શા માટે વાળ્યું? એક બાજુ ભાવનગરના રાજા વજેસિંહજીની ખાનદાની, અને બીજી બાજુ એક એવો પ્રસંગ બની ગયો કે જોગીદાસને બહારવટામાંથી રસ ઊડી ગયો. કોઈક ગામનું ગોધણ વાળીને ભાગેલા. પછવાડે પગલે પગલે ફોજ આવી. ગાયોને ગીરના ગાળામાં પૂરી. પછી આવીને કાઢી જશું, તેમ ધારી આગળ નાઠા. બહારવટાનાં કામ, ક્યાંના ક્યાંય નીકળી ગયા. ભૂલાઈ ગઈ ગાળામાં પૂરેલી ગાયો. બે–ત્રણ મહિને પાછા આ તરફ નીકળ્યા ત્યારે સાંભર્યું. ફફડતે હૈયે ગાળો ઉઘાડ્યો, તો બધી ગાયોનાં ખોખાંનો ઢગ પડેલો! હૈયું બેસી ગયું. આટઆટલી ગાયં઼ની હત્યા! હદ આવી ગઈ બહારવટાની. શિર પર આવડી બધી ગોહત્યા લઈને જગતમાં ક્યાં મોં બતાવવું! આનું પ્રાયશ્ચિત્ત તો હેમાળે જઈને હાડ ગાળીએ તો જ થાય.

બહારવટું અધવચ્ચે સંકેલી, જોગીદાસ ચાલી નીકળ્યા. આ બાજુ ભાવનગર રાજ્યને ખબર પડી કે જોગીદાસ તો હેમાળો ગળવા જાય છે. દરબારગઢમાં તેનાં બાઈ–છોકરાં રાખેલાં છે. કાંઈક વર્ષોનો વિજોગ છે.

ગાયની પવિત્રતાનો ખ્યાલ, એવો જ હેમાળો ગળવાનો. જનાર તો પુણ્યવંતો બની જાય, પણ જેને વાંકે ગયો હોય તેનું તો જડમૂળ નીકળી જાય. ભાવનગર રાજ્યે માણસો દોડાવ્યાં. માળવામાંથી જોગીદાસને પાછા લાવી સમાધાન કર્યું.

પ્રકરણ 6

પોતાના આધારરૂપ સૃષ્ટિ સાથેનો અતલગ સંબંધ એ લોકસાહિત્યનો ચેતનવંતો તાંતણો છે. આ તાંતણો મેઘાણીએ માત્ર સાંભળ્યો કે નોંધ્યો જ નથી, અનુભવ્યો છે. એના રુધિરના કણકણમાં ઊતરી ગયો છે. એટલે એમણે જે સ્વતંત્ર વાંગ્મય સરજ્યું તેમાં પણ એ તાર બજ્યા કરે છે જ. બધે જ તેની સોડમ મહેકે છે.

મહાત્મા ગાંધી ગોળમેજી પરિશદમાં ઇંગ્લંડ ગયા ત્યારે મેઘાણીએ 'છેલ્લો કટોરો' કાવ્ય લખ્યું તે તો જાણીતું છે. પણ ત્યાંથી ખાલી હાથે પાછા આવ્યા ત્યારે તેમણે 'માતા, તારો બેટડો આવે' લખેલું તે એટલું જાણીતું નથી, પણ સચોટતાની દૃષ્ટિએ સ્મરવા સમું છે. ભારત માતા જાણે ગાંધીજીને કહી રહી છે : બેટા, તું મુંઝાતો નહિ. ભલે લોકોએ તારી સલાહ ન માની, તારું અપમાન કર્યું. પણ ફિકર કર માં. એક દિવસ તારી વાત સાંભળ્યા વગર એમને ચાલવાનું નથી. એવો વંટોળ ઊઠશે કે તારી મદદ માટે તેમને ધા નાખવી પડશે.

"ધાઓ ધાઓ, ધેનુપાળ!" તેવા તે દી ઊઠશે હાહાકાર,
શાદૂળા ને સાંઢ માતેલા ઢૂંગે ઢૂંગે ભાગશે ભેળા.

આ બધા રાજાઓ, મુત્સદ્દીઓ અને વાડાવાડાના બની બેઠેલા ખોટા શાદૂળા જેવા નેતાઓ, અંગ્રેજ સરકાર મોટા સાંઢ જેવી — એને ભાગવાની વેળા આવશે. તે દી તારી સલાહને યાદ કરશે. તારા નામનો સાદ પડશે એ કપરી વેળાએ.

આ "ધેનુપાળ" શબ્દ ક્યાંથી આવ્યો? "ઢૂંગે ઢૂંગે" કઈ ડિક્ષનેરીમાંથી? "માતેલા શાદૂળા"ની જન્મભોમ કઈ? કવિ તો વીસમી સદીનો છે. વર્ણ્ય વિશય પણ સત્યાગ્રહનો છે. પણ આ માણસને જે ઉપમાઓ, જે શબ્દો, જે વળાંકા, વ્યંગ સૂઝે છે, એમાં તાંતણો છે પેલા લોકસાહિત્યનો.

કાકાસાહેબે ઈતિહાસનું ખાતર બનાવીને તેને ખપમાં લેવાનું કહ્યું છે. આ વાત રાષ્ટ્ર ઘડનારા માટે બહુ ખપની છે. ગમે તેવા ઉત્સાહીઓ પણ એકડે એકથી સુધારો શરૂ કરી શકતા નથી. ઈતિહાસનો તાંતણો, એટલે સંસ્કૃતિની ધારા, સાવ વિચ્છિન્ન કરવાનું ક્રાંતિ કરવાવાળાથી પણ બની શકતું નથી.

ફ્રાંસનો વિપ્લવ થયો. એ વિપ્લવના જે તત્ત્વજ્ઞાનીઓ હતા એ બધા કાં તો નાસ્તિકો, કાં તો અર્ધા નાસ્તિકો હતા. ધર્મ–વિરોધ તો એમના હાડમાં હતો. એ લોકોનાં જલદ દારૂ જેવાં લખાણો વાંચી રોબેસ્પિયર જેવા નેતાને થયું કે આ દેવદેવલાં નહિ જોઈએ. ખ્રિસ્તીધર્મને તો સૂકવી જ નાખો. મૂર્તિ–બૂર્તિ તો બુદ્ધિનું દેવાળુ છે. એ બધાંને ફેંકી દો ભૂતકાળની અતલ ખાઈમાં. નવે પાને નવલી દુનિયા રચવાની છે.... પણ થોડા વખત પછી લાગ્યું કે આપણે દેવતા તો જોઈશે, લોકને દુ:ખમાં કોઈક આધાર વિના તો નહિ ચાલે. આધાર નહિ હોય તો નબાપા છોકરા જેવા નિર્મૂળ બની કરમાઈ જશે. કોઈક દેવતા તો આપવો પડશે. પણ આપણો દેવતા થશે "રીઝન" : બુદ્ધિને દેવતા તરીકે સ્થાપો. એનું પૂતળું બનાવ્યું. મોટો ઓચ્છવ ઉજવાવ્યો

રોબેસ્પિયરે. ચાર દિવસની ચાંદની જેવો નીવડ્યો આ મનોરથ. રોબેસ્પિયર જતાં "રીઝન" પણ ગઈ.

જે સનાતન ધર્મ છે, તેને તમે કાપી નાખી શકતા નથી; તેનું યુગધર્મમાં પરિવર્તન કરી શકો છો. જે કરે છે એની કુંકરી પાકે છે. એટલે તો મહાત્મા ગાંધીએ કહ્યું : કાંતણ આજના યુગનો યજ્ઞ છે. અને સંન્યાસીએ પણ કાંતવું જોઈએ, તેમ કહી નાખ્યું. ભલે નવા જમાનાનો યજ્ઞ, પણ તે પ્રાચીન યજ્ઞ જેવો જ ફળદાયી અને પવિત્ર. આ શબ્દે ભાવનાનું સાંસ્કૃતિક અનુસંધાન કર્યું. સનાતન ધર્મમાં યજ્ઞનો અર્થ થતો, દેવોને રીઝવવા માટે યાજ્ઞિકનો ત્યાગ. નવા યુગમાં આ ત્યાગનું સ્વરૂપ જાતે કાંતવાનું કે ખાદી પહેરવાનું. ગરીબોને જે ઘસારો વેઠવો પડે છે તેની પૂર્તિ થાય, અને સમાજની દૈવીશક્તિ જાગ્રત થાય. આવું વ્યાપક અર્થઘટન કરી તેમણે ખાદીને સ્વાતંત્ર્ય–પોશાકનું સ્થાન અપાવ્યું.

મેઘાણીએ લોકજીવનના સનાતન પ્રશ્નોને, ભાવોને લોકસાહિત્યમાં જે રીતે અનુભવ્યા હતા, તે રીતે પોતાના સ્વતંત્ર ગાનમાં પણ યુગધર્મના વણાટમાં લઈ લીધા. મૈત્રી, પ્રણય, વૈર, મૃત્યુ, સત્તાશોખ — આ બધા સનાતન ભાવો કે કોયડા છે; તેને લોક પોતાની રીતે ઉકેલવા પ્રયત્ન કરતું આવ્યું પણ છે. એ બધું હાલરડાંથી માંડી મરશિયા સુધી વાણીબદ્ધ થયું છે. મેઘાણી તેને રજૂ કરીને બેસી ન રહ્યા — તેનું ખાતર કર્યું.

એક દુહો લ્યો :

ભોં ભીની, ઘોડા ભલા, ડાબા ઊપડિયા : .
કાં મરઘાનેણી માણવા, કાં ખગ વાવા ખડિયા.

આ ભીની ધરતી છે. એના ઉપર ઘોડાના ડાબલા ઊપડી રહ્યા છે. અસવાર ક્યાં જાય છે? કાં તો મૃગનયની સ્ત્રીને મળવા, અને કાં તો કોઈ દુશ્મનને માથે તરવાર ઝીંકવા.

એ એક જૂનો દુહો છે. હવે મેઘાણીનો દુહો જુઓ :

ઘટમાં ઘોડાં થનગને, આતમ વીંઝે પાંખ;
અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ.

સ્વાતંત્ર્ય–યુદ્ધનાં દદામાં પડતાં હોય ત્યારે કોઈ એમ કહે કે ઘોડો ખેલવતો ખેલવતો યુવાન પોતાની પરણેતરને મળવા જાય છે, તો થોડું જ રસભર્યું લાગે?

એ જ યૌવન છે. એ જ ઘોડાં છે. એ જ ભોમ છે. પણ કવિએ સંદર્ભ બદલી નાખીને કહ્યું :

લોપવી સીમ, અણદીઠને દેખવું,
તાગવો અતલ દરિયાવ — તળિયે જવું,
ઘૂમવાં દિગ્દિગંતો, શૂળી પર સૂવું :
આજ યૌવન ચહે એહ વિધ જીવવું.

લોકસાહિત્યની વાણીનો વિનિયોગ બદલી નાખ્યો છે. પણ તેનું બળ કે સંમોહના જવાં દીધાં નથી. તંબુરના જાણે બે તાર : ભાષા અને અભિવ્યક્તિપ્રકાર લોકસાહિત્યનો, ખુદ અભિવ્યક્તિ યુગધર્મની. બેઉ તાર એક રાગે રણઝણે છે.

વર્ષા — જેના પર બધા કવિઓ વારી ગયા છે :

ભીડેલા આભને ભેદી કો' રાજબાળ
તાળીઓ પાડતી છૂટી;
બાપુના લાખ લાખ હેમર હાથીડલા
હાંકતી હાંકતી છૂટી.

વર્ષાનાં ગોટેગોટ ઉભરાતાં વાદળાંને જોઈ મેઘાણીને કલ્પના ધણની આવે છે — અને તે પણ હાથીના ધણની. ગડગડાટ કરતી કોઈ આકાશી રાજબાળા નીકળી પડી છે. મોટા કુંજરોનાં ટોળાંનાં ટોળાં હાંકનારી એ રાજબાળા કેવીક બળુકી છે —

લૂંબઝૂંબ તારલાના ટેટા ઝંઝેડતી,
ચાંદા–સૂરજને ચૂમે...

અને જોબન જાગી ઊઠતાં, નવરંગી ચૂંદડીના ચીરા કરી નાખી ઘૂમતી એ મસ્તાની કોને ગોતે છે?

સંધ્યાને તીર એક બખ્તરિયો જોધ ને
ઘોડલાની જોડ મેં દીઠી;
એની બેલાડ્ય ચડી ક્યાં ચાલી એકલી
ચોળી તું તેજની પીઠી?

લોકસાહિત્યમાં સોરઠની નારીનું જે ચમકભર્યું લાવણ્ય મેઘાણીએ પીધું છે, તે એળે નથી ગયું. વર્ષા વિશે એમના સમકાલીન અન્ય કવિનાં કાવ્યો આની સાથે મૂકી જોતાં ખ્યાલ આવી જશે મેઘાણીના મૂળ ધનનો. ભીડેલા આભને ભેદતી કો મસ્તાની રાજબાળા એમાંથી નહિ નીકળે.

**

એમનાં બીજાં બે કાવ્યો લઈએ : એક છે ગાંધી–ઇરવીન કરાર વખતનું.

1930ની લડતમાં અમારા જેવા પડ્યા ત્યારે દુનિયાદારીના ડહાપણવાળા અમને શિખામણ આપતા હતા : "એમ માથે ટકો કરાવી, ટૂંકી પોતડી પહેરી ગાંધી ભેળા હાલી નીકળશો, તે કાંઈ સરકાર નહિ વઈ જાય. વનના પાણાની જેમ ખોવાઇ જશો ક્યાંય."

પણ લડતમાં લોક જીત્યું, સરકાર હારી. ત્યારે આ કવિએ આનંદ, નમ્રતા અને ચેતવણીભર્યું કાવ્ય સૌને સંભળાવ્યું :

મા, તારી કોણ ગાશે
પલપલ ઈતિહાસે ભરી બારમાસી?

"બારમાસી" તો લોકસાહિત્યનો શબ્દ, વિરહિણીને બારેય મહિનાની ઋતુનાં રૂપો કેમ સતાવે છે તે વર્ણવતો. પણ અહીં તો પલપલ ઈતિહાસે ભરી બારમાસી છે.

મેં તો શ્રદ્ધાવિહોણે
પ્રથમ મુહૂર્તે કીધી'તી ક્રૂર હાંસી :
આજે એ હાસ્ય મારાં
પૂજનફૂલ બની સર્વ પાછાં વળ્યાં છે.

અને આવી નમ્રતા ન હોય તેવા ગર્વીજનો —

આજે ગર્વીજનોનાં
મદછક વચનો અશ્રુધારે ગળ્યાં છે.

પોતાની માવડીનો આવો મહિમા ગાયો. પણ પછી ચેતવણી આપી, જે ચેતવણી હરેક વિજેતાને જરૂરી છે — પણ દુર્ભાગ્યે તેવા નિર્ભીક કવિ વિજેતાને મળતા નથી. ગુજરાત સદ્‌ભાગી હતું તે વેળા કે આવો કવિ મળ્યો. તેણે ચેતવ્યા—

દૂરે દૂરે તથાપિ —
વિજય ગજવવાનું હજુ દૂર ટાણું,
પૂરું ઊગ્યું ન માનું
સકલભયહરા મુક્તિનું રમ્ય વ્હાણું.

મુક્તિને કેવા વિશેષણથી અભિશિક્ત કરે છે કવિહૃદય : સકલભયહરા — જ્યાં અભય ચારે દિશામાં અનવરૂદ્ધ ફેલાયું છે તે મુક્તિ ! અને કેવી કોમળતાથી, કેવી ઋજુતાથી કહે છે —

ઓ મારા રંક પ્રાણ!
મદછક ન થજે : રાત પૂરી ન વીતી!
જોજે, હો માત મારી!
વિજય તણી સુરાપ્યાલી આજે ન પીતી!

અરે, મારા રાંકનાં રતન, ફૂલાઈ ન જતી; વિજયના કેફમાં ચકચૂર ન બનતી. સકલભયહરા મુક્તિનું વાણું નથી વાયું હજુ.

આટલા દાયકાઓ પછી, આજેય, શું આ વાણી જૂની થઈ છે?

આ એમણે 1931ના સંદર્ભમાં લખ્યું — અને 1934માં પાનું બદલાયું. આપણે હાર્યા. ગાંધીની ઠેકડી પણ થવા લાગી. તે વખતે થાકેલા, હારેલા, નિરાશ સૈનિકોને તેમણે કેવો અમલ પાયો, માને હિણપત આપનારાને કેવો ઠપકો આપ્યો —

અપમાનિતા–અપયશવતી તું : તોય મા તે મા!
પરવશ–પરાજિત–લથડતી તું : તોય મા તે મા!
મધરાત મારગમાં પડી,

આકાશ ઝીંકે છે ઝડી :
તું મૂર્છિતા ને આંધળી : દોરી જઈશું, મા!
તુજ ખોબલા ભરિયલ હતા,
ત્યાં લગી મીઠા લાગતા!
ખાલી પડી! — આપી ખતા ચાલ્યા ન જાશું, મા!
હીણાયલી–રોળાયલી તું : તોય મા તે મા!

અહોહો! અમ જેવા હજારો થાકેલા સૈનિકો પર શું અમૃત–છંટકાવ થયો હતો તે દિવસોમાં આ કાવ્યથી! પરાજય વખતની ભરપૂર નિરાશામાં પણ આ માણસ શું ગાય છે! પેલા સંસારી ડાહ્યાઓની પંગતમાં ડમરો બનીને એ બેસી ગયો છે? ના, આ કવિ દોરંગી નથી. તેના હૈયાનું ઈમાન એકરંગી જ છે. “ઘડીક ઘોડે ને ઘડીક પેગડે” તેને આવડતું નથી. હૃદયમાં પરાજયનાં ડૂસકાંને ગળી જઈને ગાય છે :

હીણાયલી–રોળાયલી તું : તોય મા તે મા!

આ બેઉ કાવ્યોની મીઠાશમાં લોકસાહિત્યનું જે કામણ છે, તે એક એક પડ ઉકેલીને જોતા જઈએ તો અંતર તરબતર થઈ જાય.

**

‘ચારણ–કન્યા’, ‘શિવાજીનું હાલરડું’ એ કાવ્યો જાણીતાં છે. તેનો વિશય યુગસંચારિત નથી. પણ આપણે ‘ઘણ રે બોલેને’ લઈએ : “ઘણ રે બોલે ને એરણ સાંભળે હો જી.”

ઘણ–એરણ, ભાઈ–બહેન વાતું કરે છે. એક જણ બીજાંને પૂછે છે, “આ બધું કોના સારુ ઘડીએ છીએ? અને આવે છે શું આ બધી તોપ–મનવારનું પરિણામ?”

હવે આ વિષય — શસ્ત્રસંન્યાસ, વિશ્વશાંતિ — તો લોકસાહિત્યમાં ક્યાંયે આવતો જ નથી. આ યુગમાં ઊભો થએલો એ કાળપ્રશ્ન છે. છતાં કવિ ભજનના ઢાળમાં કેવા સામર્થ્ય સાથે, કેવી હૃદયવિદારકતા સાથે ગાય છે, તે શસ્ત્રસંન્યાસનો વિષય વર્ણવતા કોઈ બીજા કાવ્ય સાથે સરખાવો, તો મેઘાણીને લોકસાહિત્યની ઉપાસના કેવી ફળી છે તે ચોખ્ખુંચટ દેખાઈ આવશે.

બહુ દિન ઘડી રે તલવાર,
ઘડી કાંઈ તોપું ને મનવાર;
પાંચ–સાત શૂરાના જયકાર
કાજ ખૂબ ખેલાણા સંહાર.

ઘડી ઘડીને શું મેળવ્યું? બેને વિક્ટોરિયા ક્રોસ મળ્યો તે, અને બે સેનાપતિનાં લાલપીળાં ફીતાં માટે?

પોકારે પૃથ્વીનાં કણ કણ કારમાં હો…જી
પોકારે પાણીડાં પારાવારનાં હો…જી

જળ–થળ પોકારે થરથરી :
કબરુંની જગ્યા રહી નવી જરી,
ભીંસોભીંસ ખાંભિયું ખૂબ ભરી,
હાય, તોય તોપું રહી નવ ચરી.

જમીનનાં કણકણ, દરિયાનાં પાણી પારાવાર પોકાર કરી રહ્યાં છે. શીદને અમને ઝેરી બનાવી નિર્દોશ જળચર–સ્થળચરનેય આમાં ઓરી દ્યો છો? ખાંભી ખોડવાનીય જગ્યા નથી રહી હવે. જેના હાથ આ ઘડે છે તે હાંફીને ઊભો રહી ગયો છે. “સોઈ નર” — ભજનની વાણી છે — “સોઈ નર” વિચાર કરે છે :

બાળ મારાં માગે અન્ન કેરી દેગ,
દેવે કોણ દાતરડું કે તેગ?

અને સંકલ્પ કરે છે —

આજુથી નવેલાં ઘડતર માંડવાં હો…જી;
ખડગખાંડાંને કણકણ ખાંડવાં હો…જી.

ખાંડી ખાંડી એ કચ્ચરમાંથી શું બનાવશું નવું? ઘડવાનું શું ઓછું છે?

ઘડો હો બાળક કેરાં ઘોડિયાં હો…જી,
ઘડો હો વિયાતલ નારના ઢોલિયા હો…જી.
ભાઈ મારા! ગાળીને તોપગોળા,
ઘડો સુઈ–મોચીના સંચ બો’ળા,
ઘડો રાંક રેંટુડાની આરો,
ઘડો દેવ–તંબૂરાના તારો :
હો એરણ બેની!

ડેન્માર્કની એક લોકશાળામાં અમે દેશ–પરદેશનાં ભાઈબહેનો 1953માં એકઠાં થયાં હતાં. સહુ પોતપોતાના દેશનાં ગીતો સંભળાવતાં હતાં. મારો વારો આવતાં મેં આ ગાયું. શરૂઆતમાં, આ શસ્ત્રસંન્યાસનું ગીત છે તેટલી વાત ફક્ત સમજાવેલી. ભાષા તો તે બધાંમાંથી કોઈ જ જાણતું નહોતું. પણ જ્યાં —

જળ–થળ પોકારે થરથરી :
કબરુંની જગ્યા રહી નવ જરી,
ભીંસોભીંસ ખાંભિયું ખૂબ ભરી,
હાય, તોય તોપું રહી નવ ચરી…

આવ્યું, ત્યાં એ બધાંનાં અંતર જાણે થરથરી ઊઠ્યાં હતાં, ભાષાના સીમાડા તૂટી ગયા હતા.

જૂનાં ચારણી કાવ્યો નાદપ્રધાન છે, તે હું જાણતો હતો. પણ મેઘાણીએ પોતાનાં કાવ્યોમાં નાદશક્તિ આ કોટિએ ખીલવી છે, તેની પૂરી જાણ તો મને તે

દિવસે — ગુજરાતથી હજારો માઈલ વેગળા ડેન્માર્કમાં — થઈ.

મેઘાણીના સંગ્રહિત અને સ્વતંત્ર સાહિત્યની એક સમગ્ર સૃષ્ટિ છે. એની પૂરી પરકમ્મા કરો તો જ તેનો મહિમા પ્રત્યક્ષ થાય. ગાંધીની રાહબરી નીચેનો ભારતીય સંગ્રામ ક્રાંતિને લક્ષમાં રાખીને ચાલતો હતો. ક્રાંતિ “ટોટલ”, સંપૂર્ણ હોય છે; સુધારો હોય છે “પાર્શિયલ”. સુધારો થોડો થોડો કરી શકો છો; ક્રાંતિ થોડી થોડી થઈ શકતી નથી. સમાજનાં બધાં પાસાંને બદલવાનું ગાંધીએ એલાન કરેલું; માત્ર રાજકીય પાસું તેનું લક્ષ્ય ન હતું. આ રાષ્ટ્રીય શાયરે પણ પોતાના સંગ્રહો કે સર્જનોમાં સમગ્ર સમાજને પકડમાં લીધો હતો. હાલરડાં, જોડકણાં–કુદકણાંથી માંડીને માનવની અંતિમ યાત્રા સુધી પણ આનો કદી ન વિરમતો તાર છે કસુંબીના રંગનો.

હાલરડાંમાં એમણે ભાઈને હિંચોળાવતાં બહેન પાસેથી હંસલા–ઘોડલી અપાવ્યાં, લાડડી પણ અપાવી. પણ કેવી લાડડી —

વીરાને લાલ સીંદોરા ચોડવા થાપા
લાડડી લાવ્યે રે!
બાંધવને ભેટ કસી તલવાર બંધાવા
લાડડી લાવ્યે રે...

“તમે ખપી જશો તો મારું શું થશે? રખડી પડીશ!” એમ નહીં —

વીરાને પડખેથી પડકાર દેનારી
લાડડી લાવ્યે રે!
બાંધવની આડડે ઊભી ઘાવ લેનારી
લાડડી લાવ્યે રે.

મેઘાણીએ આ એમ ને એમ મૂક્યું છે, તેમ રખે આપણે માનીએ. ચારણોની સ્મૃતિ–દફતરને આધારે લખાએલ ‘ટોડ–રાજસ્થાન’થી એ માહિતગાર છે. તેમને ખબર છે કે રાજપૂતી ધર્મને પોતાનું વ્રત ગણનારી રજપૂતાણીઓ હતી.

સિસોદિયા શાખાનો સલુંબરો સરદાર તાજો પરણીને આવ્યો. અને યુદ્ધનું નોતરું પણ આવ્યું. રાણીવાસમાંથી નીકળતી વખતે પોતાની સ્ત્રીને કહે, “જીવ્યામૂવાના જુહાર, તમે તમારી ટેક સાચવજો.” પરસાળનાં પગથિયાં ઊતરતાં ફરી કહે : “સાચવીને રાખજો ઘરની લાજને.” મહેલ છોડતાં વળી દાસીની જોડે ત્રીજી વાર કહેવરાવ્યું કે, “તારી બાઈને કહેજે કે કુલમર્યાદાનું પાલન કરે.”

ત્રીજો સંદેશો બાઈને મળ્યો, ત્યારે તો તેનાં રૂંવાડાં બેઠાં થઈ ગયાં. દાસીને કહે, “ઊભી રહે. એમનો જીવ મારામાં રહી જશે. મને ભૂલીને એ લડી શકશે નહિ.” માથું કાપી થાળ મોકલાવ્યો. અને સલુંબરાએ એ લાંબા ચોટલાની વેણી ગળામાં પરોવી કેસરિયાં કરેલાં.

પડખેથી પડકાર દેનારી, આડા ઘા ઝીલનારી લાડડી લાવવાનો સંસ્કાર મેઘાણી જ્યારે હાલરડામાં આપે છે, ત્યારે તે એના મગજના તુક્કા નથી;

લોકજીવનની શરણાઈ અને સિંધુડામાં એણે આ સૂર હૃદય ભરીને સાંભળ્યા છે.

**

આરંભ હાલરડાના હિલ્લોલથી, અને અંત મૃત્યુના મહોત્સવથી. એમનું એક ઓછું જાણીતું ગીત ‘છેલ્લી સલામ’, ભજનના ઢાળમાં ઢાળેલું, લઈએ. બ્રિટિશ સરકારના 1935ના રાજકીય સુધારા અંગેના કોમી ચુકાદા સામે બાપુએ અનશન આરંભેલું. ગોળમેજીમાં ગએલા ત્યારે જ તેમણે તો કહેલું કે, “હરિજનોને તમે હિંદુથી અલગ બેઠકો અને અલગ મતદાન આપશો, તો હું મારો જાન હોડમાં મૂકીશ.” એ તો હાથીના દાંત — નીકળ્યા તે નીકળ્યા. પણ બ્રિટિશ સરકારને એમ કે ગાંધીએ તો બીજા રાજકીય નેતાઓની જેમ પોલી ધમકી આપી હશે; એટલે તેણે હરિજનોને અલગ મતાધિકાર આપ્યો. અને બાપુ તેને બદલાવવા — મૂળે તો હિંદુઓનું માનસ, જેમાંથી આ પ્રશ્ન ઊભો થયો હતો તે બદલાવી અસ્પૃશ્યતા મિટાવવા — અનશન પર ઊતર્યા. એ અવસરે મેઘાણીએ સરજ્યું. “સો સો રે સલામું મારાં ભાંડુડાંને કે’જો રે”. તે જોઈએ ત્યારે આપણને ખ્યાલ આવે કે કવિની સ્વતંત્રતા કે સ્વાધીનતા કઈ ચીજ છે. કવિએ એમાં ગાંધીજીના આરાધ્ય રામને પણ ઠપકો આપ્યો છે, ધર્મની ધજાવાળાને ફટકાર્યા છે, ગુંસાઈ મહંતોને સંભળાવવામાં પણ મણા નથી રાખી. કવિ તો કહે છે, જેનો તમે જાપ જપ્યો તે રામેય શું કર્યું? —

રઘુપતિ રામ મારા રુદાનો વિસામો — એણે
ઋષિઓને વચને ખાધેલ ખોટ્યું હો...જી :
પ્રભુનામ ભજતો એણે પારાધી સંહારિયો રે
એનું ઘોર પાતક આજે ઊમટ્યું હો...જી.

‘ઉત્તરરામચરિત’માં આ શમ્બૂકવધની વાત આવે છે. એક બ્રાહ્મણનો જુવાન દીકરો મરી ગયો અને બ્રાહ્મણે રામચંદ્રજી પાસે ધા નાખી કે, “તારા રામરાજ્યમાં બાપ પહેલાં દીકરો મરે તેવી અપ્રાકૃતિક ઘટના બને કેમ? તારા રાજ્યમાં ક્યાંક અઘટિત બીના બનેલી હોવી જોઈએ.” રામે ઋષિઓને પૂછ્યું, તો ઋષિઓ કહે : “શમ્બૂક નામનો શૂદ્ર દંડકારણ્યમાં તપ કરે છે. શૂદ્રને તપ કરવાનો અધિકાર નથી, છતાં તે કરે છે. તેના પાપે આ બ્રાહ્મણનો દીકરો મરી ગયો છે. માટે તમે શમ્બૂકવધ કરો તો આ બાળક જીવતો થશે.”

પ્રભુનામ ભજતો એણે પારાધી સંહારિયો રે...

અસ્પૃશ્યોનાં આ દુઃખો માટે તમારા રામ પણ જવાબદાર છે — ભલે આડકતરા. ગાંધીજીની યશસ્તુતિ કરતાં જે કવિએ પાછું વાળીને જોયું નથી, તેને ગાંધીજી પોતે પોતાના રામ સામે ફરિયાદ કરે તેવું ગોઠવતાં સંકોચ નથી થયો. આમ છતાં, એ ગાંધીનાં અંતરતળ તે જાણે છે; એટલે આ પ્રકોપની જોડે જ બાપુની મૃદુતા, ઋજુતા અને પરમ કારુણિકનું સ્વરૂપ તેઓ ખડું કરી શક્યા છે. મૃત્યુના ઉંબરામાં ઊભા રહી શું કહે છે? —

“સો સો રે સલામું મારા ભાંડુડાંને કહેજો.” એક નહિ, મારી સો સો સલામ કહેજો. આખા જગતને ઝાઝા જુહાર દેજો. અને નથી મળાયું તે સૌની માફી માગી લઉં

છું. મળીને જ આવા મોટા ગામતરે નીકળાય; અવિનય થયો છે મારાથી. પણ માફ કરજો. વેળા નથી રહી સૌને સાંઈ માંઈ કરવાની. કારણ, અહીં તો ડુંગર સળગ્યો છે :

એવા પાપદાવાનલમાં જલે છે જનેતા મારી,
દિલડાના ડુંગર સળગ્યા — ઠરશે ન જી.

ખોરડું સળગ્યું હોય તો ઠારી પણ શકાય. પણ આ તો આખો ડુંગર સળગી ગયો છે. આખો સમાજ એવો ગેગી ગયો છે કે —

ટીપે ટીપે શોણિત મારાં તોળી તોળી આપું તોયે,
પૂરાં જેનાં પ્રાછત કદીયે જડશે ન જી.

સમાજ—આજનો જ નહિ, છેક રામ અને કૃષ્ણવારાનો —

કીધાં ખાખ ખાંડવવનને પાંડુ તણા પુત્રે તે દી...
છેદ્યાં, બાળ્યાં, ગારદ કીધાં પૃથ્વીના પેટમાં, ને
અસૂરો કહીને કાઢર્યાં વનવાસ જી;
જીવતાને કાજે જુદી નરકું બંધાવિયું, ને
સદાનાં નરાધમ રાખ્યાં દાસીદાસ જી.

આદિવાસીઓ, દુબળા, હરિજનોને માથે વિતાડવામાં શું બાકી રાખ્યું છે? ઘણાં વર્ષો પહેલાં સુરત જિલ્લાના એક ગામમાં જવાનું થએલું. એક ઉજળિયાતને પૂછયું : “ગામની વસતી કેટલી હશે?” “પંદરસોક માણસો હશે.” મેં કહ્યું : “ગામ તો મોટું લાગે છે. પાદરમાં જ કેટલાં બધાં ઝૂંપડાં જોયાં?” “એને આમાં નથી ગણાવ્યાં.” આદિવાસી વસ્તીમાં ન ગણાતા! આવા સમાજનેય લળી લળીને કહે છે, “તમારી સામે મારે કોઈ ઝગડો નથી; હું તો મારા ભગવાનની સામે, એની ઘટમાળ સામે ફરિયાદ કરવા જાઉં છું.”

હરિ કેરાં તેડાં અમને — આવી છે વધામણી રે,
દલિતોને ઉત્સવ હાકલ પડી છે હો...જી.
હસતાં મુખડાંની અમને વિદાયું દિયો રે, વા’લાં!
રખે કોઈ રોકે નયણાં રડીને હો...જી!

“રોવાનું ન હોય, મારાં વાલાં, રોવાનું ન હોય! હસીને મને વળાવો!”

શેને લીધે આ લખાયું છે? એમણે પોતે જ કહ્યું છે — ઈમાન પર નજર રાખવાથી. ઈમાન પર ચાલે છે આ બધું. ઈમાન ખોનાર પર સરસ્વતી રીઝતી નથી. આ ઈમાન પર મુસ્તાક રહેવાનું ઈજન તેમણે ‘શબદના સોદાગરને’માં બધા સારસ્વતોને આપ્યું છે :

હૈયા કેરી ધારણે તારે ઉર ઊઠે જે સૂર જી,
એ જ સૂરોના, ઈમાની ભાઈ! ગાયા કર ચકચૂર...
જી જી શબદના વેપાર.

મેઘાણીને મન આ ઈમાન વિનાનું ગાણું તે હાથચાલાકી કે નારીરંજણ ખેલ હતું.

અને એ ઈમાન પર ટકી રહેવું આ સંસારમાં કેવું વિકટ છે તે દર્શાવ્યું છે 'તકદીરને ત્રોફનારી'માં. આ બંને કાવ્યો સોરઠની સંતવાણીની પંગતમાં સહેજે બેસે તેવાં છે.

મેઘાણીને સીધો ઉપદેશ દેવાનો ઘણો અણગમો છે. તેમની કલાવૃત્તિને તે ઘાતક લાગે છે. તેમના નમ્ર સ્વભાવને તેમાં અહંકારની બદબૂ આવે છે. આથી એમનાં કાવ્યોમાં ઉપદેશનો અણસારો ભાગ્યે જ મળશે.

પણ આ કાવ્યો સહેજ અલગ પડી જાય છે એ વાતમાં. 'શબદના સોગાદરને'માં જાણે પોતે સમાનધર્મી અનુભવીના અધિકારદાવે કહી નાખે છે. જ્યારે 'તકદીરને ત્રોફનારી'માં, સંસારના કડવા–મીઠા ઘૂંટડા પીધા પછી પ્રૌઢી પ્રાપ્ત થતાં હાથમાં આવેલ હીરો આપતા જવાની હોંશ છે. કહે છે કે, વિધાતા તમને આપે છે, પણ બહુ કષ્ટમાં તાવીને આપે છે. કષ્ટ વેઠવાની તૈયારી ન હોય, તો માગીને હાસ્યાસ્પદ બનતા જ નહિ.

સોરઠમાં ઘરેઘરે વ્યાપક ત્રાજવાં પડાવવાની બીનાને કાવ્યનું વાહન બનાવ્યું છે. ત્રાજવાં ત્રોફનારીનો લહેકો સાંભળી કોઈકને ત્રાજવાં પડાવવાનું મન થઈ જાય છે. કેવી છે એ ત્રોફણહારી, અને કેવો છે એનો કસબ—

નાની એવી કુરડી, ને માંહીં ઘોળ્યા દરિયા;
બાઈ! એણે કમખામાં સોય તો સંતાડી રે.

મનુષ્યજીવન — જીવન ગમે તેટલું લાંબું, છતાં કેટલું અલ્પ છે! નચિકેતાને યમરાજાએ લાંબું જીવન વરદાનમાં આપવા કહ્યું, ત્યારે નચિકેતાએ શું કહ્યું? "ગમે તેટલું લાંબું, તો પણ છેવટે તો અલ્પ જ છે." ગમે તેટલું મોટું, તોય અલ્પ કુરડી જેવડું. પણ તેમાંયે શું દરિયાદોલત છે! તેમાં મહાસાગર સમાં શું શું તોફાનો છે!

નાની એવી કુરડી, ને માંહીં ઘોળ્યા દરિયા.

પોતે કોને કોને કેવાં કેવાં ત્રાજવાં ત્રોફી દીધાં છે, તે ત્રોફનારી કહી બતાવે છે. ભર રે નીંદરમાં સૂતેલા ભરથરીના લલાટેથી લટ ખસેડીને રાજા ગોપીચંદની, માતાનાં આંસુએ ખરડાએલી, પીઠ ઉઘાડીને કહે છે : "આ મેં ત્રોફિયાં." અને —

રામને રુદેથી એણે કોરે કરી પાંભરી,
બાઈ! એણે કીરતિની વેલડિયું ઝંઝેડી રે,
કીધું કે : આ મેં ત્રોફિયાં હો જી.

શું એણે ફક્ત માનવીનાં અંગ પર જ ત્રાજવાં ત્રોફ્યાં છે?

આભને ઉરેથી એણે આઘી કરી ઓઢણી,
બાઈ! એણે નવ લાખ ટીબકી બતાડી રે,
કીધું કે : આ મેં ત્રોફિયાં હો જી.

"આભને ઉરેથી એણે આઘી કરી ઓઢણી." 'અ'કારનું કેવું બળવાન આવર્તન છે તે જુઓ. કેવી જબ્બર કલ્પના છે! વિધાત્રી કેવી સમર્થ છે — આખાય બ્રહ્માંડના અવકાશ પર પથરાયલી ઓઢણી આમ કરતાંક ઉઠાવી લીધી! અને બતાવ્યાં લાખમલાખ છુંદણાં. સાંભળનારનું મન આ જોઈને હાથમાં ન રહ્યું. દોડીને એણે ત્રોફણહારીને કાયા ધરી દીધી.

વિધાતાની સોયે તો ઘંટી પર ટાંકણું ચાલતું હોય તેમ ઝપાટો બોલાવ્યો.

ગાલે ટાંક્યાં ગલફૂલ, કાંડે ટાંકી કાંકણી;
બાઈ! મારી ભમ્મર વચાળે ટીલ તાણી રે…

પણ કાળજાની વચાળે જ્યાં મોરલો કોરવા માંડ્યો, ત્યારે પછી સોયની વેદના ન વેઠાણી, જીવ હાથ ન રહ્યો. ભાગી! સ્મશાનની ચેહ સુધી જેનો રંગ ન જાય તેવાં છુંદણાં પૂરાં ન થયાં — કાળજું કોરું રહી ગયું.

બિચારા પીટરને નહોતું ભાગવું પડ્યું? ઈશુના ક્રૂસારોહણની આગલી રાતે તો ઈશુને એણે કહ્યું હતું કે, "બધાયે તને છોડી જાશે, પણ હું નહિ જાઉં." માનવીની દુર્બળતા પર હસીને ઈશુએ કહેલું, "આવતા પરોઢે કૂકડો બોલે તે પહેલાં તું ત્રણ વાર મને ઈન્કારીશ."

અને રોમન સિપાહી બરકનદાજોથી ઘેરાયેલો બિચારો પીટર ઈશુનો મુકદ્દમો પૂરો થાય તે પહેલાં ત્રણ વાર બોલી ઊઠે છે : "હું તેને ઓળખતો નથી." અને ઈશુ તેના તરફ સકરુણદૃષ્ટે જુવે છે ત્યારે ભોંઠપનો માર્યો ભાગે છે. પણ પાછો આવી એને જ નામે પ્રાણાર્પણ કરે છે.

— આવી જ છે માનવજીવનની વ્યથા ને કથા. સૂયા પરોવવા બહુ કઠણ છે. નટવાના દોર પર ચાલવું સહેલું છે, પણ ઈમાનને અતૂટ વળગી રહેવું તો બહુ બહુ કપરું છે, બેલી!

કવિતાનું ઈમાન, કવિની આસ્થાપીઠ કઈ?

આતમની એરણ પરે
જે દી અનુભવ પછડાય જી…

નિજનો અનુભવ જ્યારે શાંત અને સાક્ષીરૂપ આત્માની એરણ પર સ્વયંચિકિત્સાના ઘણ નીચે ઘડાય છે, ત્યારે —

તે દી શબદ–તણખા ઝરે,
રગરગ કડાકા થાય…

કબીરે ભક્તની એકોપાસના દર્શાવતા વર્ણવ્યું છે : "સબ રગ તાંત, રબાબ તન."

લોકસાહિત્યની અવ્યભિચારિણી ભક્તિ કરનાર આવા પુરુષને વંદના કરતાં

હું ધન્યતા અનુભવું છું.

****